પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૨૦ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૦-૦૫-૨૦૨૩ બુધવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## મધ્યપ્રદેશમાં બસ અકસ્માત : ૩ બાળકો સહિત ૨૨નાં મોત

# ખરગોનમાં ૫૦ ફૂટ ઊંચા પુલની રેલિંગ તોડીને બસ નદીમાં ખાબકી, ૨૪ ઈજાગ્રસ્ત, ડ્રાઈવરને ઝોકું આવી જતા અકસ્માત સર્જાયો

ખરગોન,

મધ્યપ્રદેશના ખરગોનમાં મંગળવારે એક બસ પુલ પરથી નદીમાં ખાબકી હતી. આ અકસ્માતમાં ૩ બાળકો સહિત ૨૨ લોકોના મોત થયા છે. જ્યારે ૨૪ જેટલા મુસાફરો ઈજાગ્રસ્ત થયા છે. ઘટના સ્થળે ૧૭ લોકોના ઘટના સ્થળે જ મોત નિપજયા હતાં.જયારે અન્ય પાંચ લોકોના હોસ્પિટલમાં મોત નિપજયા હતાં મૃતકોમાં ૬ મહિલાઓ સહિત ત્રણ બાળકો સામેલ છે. બસ ઈન્દોરથી ડોંગરગાંવ જઈ રહી હતી. અકસ્માત સર્જાયેલી બસમાં ૪૦થી વધુ મુસાફરો સવાર હતા. આ અકસ્માત સવારે ૮.૪૦ કલાકે થયો હતો. જણાવવામાં આવી રહ્યું છે કે ડોંગરગાંવ અને દસંગા



વચ્ચે બોરાડ નદી પરના પુલની રેલિંગ તોડીને બસ નદીમાં ખાબકી હતી. નદીમાં પાણી નહોતું. એમ્બ્યુલન્સ અને વહીવટીતંત્રના અધિકારીઓ સ્થળ પર હાજર છે. આઈજી રાકેશ ગુપ્તાએ જણાવ્યું કે તે ખરગોનના બેજાપુરથી બસ ઈન્દોર તરફ જઈ રહી હતી. બસ પુરપાટ ઝડપે જતી હોવાને કારણે ડ્રાઈવરે કાબુ ગુમાવતા બસ રેલિંગ તોડીને પુલ પરથી નીચે ખાબકી હતી. નદીમાં પાણી ન હોવાથી મોટાભાગના મુસાફરોને ઈજા થઈ છે, પરંતુ ૧૫ મુસાફરોના મોત થયા હતા. બચાવ કાર્ય ચાલુ છે.

ડોંગરગાંવના રહેવાસી રાજ પાટીદારે જણાવ્યું કે મા શારદા ટ્રાવેલ્સની બસમાં ૪૦થી વધુ લોકો મુસાફરી કરી રહ્યા હતા. અકસ્માત બાદ ડોંગરગાંવ અને લોનારા ગામના ગ્રામજનો સ્થળ પર દોડી આવ્યા હતા. બસના કાચ તોડીને ઘાયલોને બહાર કાઢવામાં આવ્યા હતા. ગામલોકોએ જણાવ્યું કે બસ ગામથી પાંચ મિનિટ પહેલા જ નીકળી હતી. બસ પુરપાટ ઝડપે જઈ રહી હતી. ઘટનાને પગલે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. ઘાયલોને નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવી રહ્યા છે.એસડીએમએ જણાવ્યું હતું કે અકસ્માત જિલ્લા મુખ્યાલયથી લગભગ ૩૪ કિલોમીટર દૂર તે પોલીસ સ્ટેશન વિસ્તારના ડોંગરગાંવ પાસે થયો હતો. હાલ બસ ડ્રાઈવરની શોધખોળ કરવામાં આવી રહી છે. પ્રાથમિક માહિતી મુજબ ડ્રાઈવરને ઝોકું આવી જતા અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળી રહ્યું છે.

મળતી માહિતી મુજબ મંગળવારે સવારે એક બસ ઈન્દોર તરફ જઈ રહી હતી. બસ ખરગોનના ખરગોન ટેમલા માર્ગ પર દસંગા પાસે પહોંચી ત્યારે ડ્રાઈવરે બસ પરનો કાબૂ ગુમાવ્યો હતો. બેકાબૂ બસ પુલ પરથી નીચે પડી ગઈ હતી. બસ પુલ પરથી નીચે પડી ગયા બાદ ધડાકાનો અવાજ સાંભળીને આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા.

ઘટનાસ્થળે પહોંચેલા ગ્રામજનોએ બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢવાનું શરૂ કર્યું હતું અને પોલીસને પણ અકસ્માતની જાણ કરી હતી. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ પણ દોડી આવી હતી તાત્કાલિક એમ્બ્યુલન્સને ઘટનાસ્થળે બોલાવવામાં આવી અને પોલીસની ટીમ પણ પહોંચી ગઈ હતી. બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા છે.

ખરગોનના એસપી ધર્મવીર સિંહે કહ્યું કે બસ પુલ પરથી નીચે પડતાં ૧૫ લોકોના મોત થયા છે જયારે ૨૫ લોકોને ઈજા થઈ છે.હાલમાં બચાવ કાર્ય ચાલુ છે.દરમિયાન મધ્યપ્રદેશ સરકારે ખરગોન બસ દુર્ઘટનામાં મૃતકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયા,ગંભીર રીતે ઘાયલ લોકોને ૫૦-૫૦ હજાર રૂપિયા અને સામાન્ય ઈજાગ્રસ્તોને ૨૫-૨૫ હજાર રૂપિયા તત્કાળ સહાય આપવાની જાહેરાત કરી છે.

મધ્યપ્રદેશના ગૃહમંત્રી નરોત્તમ મિશ્રાએ કહ્યું કે બસ રેલિંગ તોડીને બેરાડ નદીમાં ખાબકી છે ૧૫ લોકોના મોત થયા છે જયારે ૨૫ લોકોને ઈજા થઈ છે.જેમને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે ઘટના માટે મેજિસ્ટ્રિયલ તપાસના આદેશ અપાયા છે.

મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે ટ્વીટ કરીને દુર્ઘટના પર દુખ વ્યકત કર્યું છે. શિવરાજસિંહે ટ્વિટર હેન્ડર પર ટ્વિટ કરીને લખ્યું છે કે મુખ્યમંત્રી શિવરાજજીએ ખરગોન જિલ્લાના ડોંગરગાંવ અને દસંગા વચ્ચે બસ અકસ્માતમાં લોકોના અકાળે મૃત્યુ પર શોક વ્યકત કર્યો અને દિવંગત આત્માઓની શાંતિ માટે અને ઘાટલોની ઝડપથી સ્વસ્થ થવાની ભગવાનને પ્રાર્થના કરી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.આ ઉપરાંત કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જૂન,પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધી,કોંગ્રેસના મહામંત્રી પ્રિયંકા ગાંધી,ભાજપના નેતા જે પી નડ્ડા સહિતના આગેવાનોએ આ દુર્ઘટના અંગે ઉંડા શોકની લાગણી વ્યકત કરી છે.

# ગુજરાતમાં લૂ અને આકરા તાપની આગાહી : ઉત્તરના પવનો શરૂ થતાં રાજ્યમાં ગરમીનો પારો ૫ ડિગ્રી વધી શકે

અમદાવાદ,

ગુજરાતમાં કમોસમી વરસાદના માર બાદ હવે લોકોને ગરમીમાં સેકાવાનો વારો આવવાનો છે. વાતાવરણના ઉપલા લેવલે સક્રિય થયેલી હાઈપ્રેશર સિસ્ટમની અસરથી રાજ્યમાં ગરમીનો પારો વધ્યો છે. ગત સોમવારે રાજયના ૯ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પાર કરી ગયો હતો. ગઈકાલે અમદાવાદનું ૪૧.૬ ડિગ્રી, રાજકોટનું ૪૧.૭ ડિગ્રી અને સુરતનું ૩૬ ડિગ્રી મહત્તમ તાપમાન પહોંચ્યું હતું. અમદાવાદમાં આગામી બે દિવસ ગરમીનો પારો ૪૩થી ૪૫ ડિગ્રી સુધી પહોંચી જવાની શક્યતાને જોતાં કોર્પોરેશને ઓરેન્જ એલર્ટ જાહેર કરી છે. સાથે નાગરીકોએ શું કાળજી રાખવી તેની એડવાયઝરી બહાર પાડવામાં આવી છે. મ્યુનિ. તમામ આરોગ્ય કેન્દ્રો તેમજ BRTS અને AMTSના કેટલાક સ્ટેન્ડ પર ઓઆરએસના પેકેટ પણ મૂકવામાં આવશે. ૧૪મી બાદ તાપમાન ઘટીને ૩૬ ડિગ્રી આસપાસ રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વાતાવરણના ઉપલા લેવલે સક્રિય થયેલી હાઈપ્રેશર સિસ્ટમની અસરથી અમદાવાદ સહિત રાજ્યમાં ગરમીનો પારો વધ્યો છે. ગઈકાલે અમદાવાદમાં બપોરે ૧૨ વાગ્યે જ ગરમીનો પારો ૩૬ ડિગ્રીએ પહોંચી ગયો હતો. અમદાવાદ સહિત રાજ્યના ૯ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રી પાર કરી ગયો હતો. એક ખાનગી હવામાન વેબસાઈટના આંકડાઓ મુજબ, સાંજે ૫.૩૦ કલાકે અમદાવાદનું મહત્તમ તાપમાન ૪૧.૬ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. બપોરના ૧૨થી ૩ના ગાળામાં ગરમીનો પારો ૩ ડિગ્રી વધ્યો હતો. બે દિવસમાં પારો ૪૩થી ૪૪ ડિગ્રીએ પહોંચવાની શક્યતા છે. સોમવારે સૌથી વધુ ૪૨ ડિગ્રી ગરમી સુરેન્દ્રનગરમાં નોંધાઈ હતી. પછી અમદાવાદ બીજા ક્રમે હતું. રાજકોટમાં ૪૧.૭ ડિગ્રી અને ગાંધીનગરમાં ૪૧.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

મેની શરૂઆતથી જ ગરમીનો પારો ઊંચકાતાં પ્રથમ સપ્તાહમાં ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા ૪૬૫ લોકોને પેટના દુ:ખાવા અને ૩૦૪ લોકોનો ચક્કર સાથે બેભાન થવાની તકલીફમાં સારવાર અપાઈ હોવાનું જાણવા મળ્યું છે. ૧થી ૭ મે દરમિયાન ૧૦૮ એમ્બ્યુલન્સને અમદાવાદના વિવિધ વિસ્તારોમાં મળીને ગરમીને કારણે પેટમાં દુખાવો, ડાયેરીયા-વોમિટિંગ સહિતના ૧૧૫૧ કોલ મળ્યા હતા.

સોમવારે મહત્તમ તાપમાન ૩૬ ડિગ્રી અને લઘુત્તમ ૨૭.૪ ડિગ્રી નોંધાયું હતું. રવિવાર કરતા મહત્તમમાં ૧.૨ ડિગ્રીનો વધારો અને લઘુત્તમમાં સામાન્ય વધારો થયો છે. વાતાવરણમાં સવારે ભેજનું પ્રમાણ ૬૯ ટકા અને સાંજે ૫૪ ટકા નોંધાયું હતું. સાઉથ-વેસ્ટ દિશાથી ૭ કિમીની ગતિએ પવન ફૂંકાયા હતા. આજથી ૪ દિવસ સુધી પારો ૪૦ ડિગ્રી ઉપર રહેશે, ત્યારબાદ ઘટશે. ૧૪મીથી મહત્તમ તાપમાન ગગડીને ૩૫થી ૩૬ ડિગ્રી ઉતરી જવાની પણ શક્યતા છે.


# કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે આજે ૨૨૪ બેઠકો પર કડક સુરક્ષા વચ્ચે મતદાન થશે

બેંગ્લુરૂ,

કર્ણાટકમાં આવતીકાલ ૧૦ મેના રોજ ૨૨૪ બેઠકોપર કડક સુરક્ષા બંદોબસ્ત વચ્ચે મતદાન યોજાશે આ ચૂંટણીના પરિણામો ૧૩ મેના રોજ આવશે. આ ચૂંટણીમાં ભાજપે સત્તા જાળવી રાખવાનો પૂરેપૂરો પ્રયાસ કરી રહી છે જ્યારે કોંગ્રેસે ફરીથી સત્તાધીશ થવા પ્રયત્નશીલ છે. રાજ્યની ત્રીજા સૌથી મોટા દળ જેડીએસે પણ મતદારોને રીઝવવા માટે તમામ તાકાત લગાવી દીધી છે.

૨૨૪ સભ્યોની કર્ણાટક વિધાનસભા માટેના પ્રચાર દરમિયાન તમામ રાજકીય પક્ષોના નેતાઓએ લોકોને અપીલ કરી હતી કે તેઓ ચૂંટણીમાં બહુમતી આપે જેથી તેમની પાર્ટી મજબૂત અને સ્થિર સરકાર બનાવી શકે. કર્ણાટકમાં મતદાન પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો દ્વારા અપીલ કરી છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે મતદાન લોકતંત્રમાં જનભાગીદારી સુનિશ્ચિત કરે છે અને તેથી વધુને વધુ લોકો મતદાન કરે તથા લોકશાહીમાં તેમની ભાગીદારી સુનિશ્ચિત કરે.

કર્ણાટકમાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને, ગોવામાં



ભાજપની આગેવાની હેઠળની સરકારે ૧૦ મેને પેઈડ રજા તરીકે જાહેર કરી છે, જેમાં ખાનગી સંસ્થાઓ અને ઔદ્યોગિક એકમોના કર્મચારીઓનો સમાવેશ થાય છે. જોકે, પ્રમોદ સાવંતના નેતૃત્વવાળી સરકારના આ નિર્ણયથી વિપક્ષી પાર્ટીઓ અને ઔદ્યોગિક એકમો ખુશ નથી.

૨૨૪ વિધાનસભા મતવિસ્તારોમાં ૫૮,૨૮૨ મતદાન મથકો બનાવવામાં આવશે. ૫૦% મતદાન મથકો પર વેબકાસ્ટિંગ સુવિધા ઉપલબ્ધ રહેશે. મહિલા અધિકારીઓ ૧૩૨૦ મતદાન મથકોનું સંચાલન કરશે.ચૂંટણીપંચ દ્વારા મતદાન માટે નવી વ્યવસ્થા શરૂ કરી છે. જેના કારણે હવે મતદારોને લાંબી લાઈનમાં ઉભા રહેવાની જરૂર નથી, હવે મતદારો હવે સેલ્ફીથી પણ વોટ નાંખી શકશે.. ચૂંટણી પંચ પોલિંગ બૂથ પર મતદારોની લાંબી લાઈનો ખતમ કરવા માટે ફેશિયલ રેકોગ્નિશ સિસ્ટમનો ઉપયોગ કરશે. આ માટે આયોગે એપ લોન્ચ કરી છે. જે તમે આ એપ તમે પ્લે સ્ટોરમાંથી ડાઉનલોડ કરી શકશો. આ એપલિકેશન ડાઉનલોડ કર્યા બાદ તમારે પહેલા તમારી જાણકારી અને ફોટો અપલોડ કરવાનો રહેશે. ત્યારબાદ ડિટેલ વેરિફેકશન થયા બાદ તમે વોટિંગ કરી શકશો.

ચૂંટણી પંચ આ પાયલોટ પ્રોજેક્ટને ટેક્નિકલી બેંગ્લુરુના એક કેન્દ્ર પર જ લાગુ કરશે. રિપોર્ટ મુજબ, આવતીકાલે ગર્વમેન્ટ રામાનારાયણ ચેલારામ કોલેજ, પૈલેસ રોડના રૂમ નંબર ૨માં જ ઉપયોગ કરવામાં આવશે. આ જગ્યા કર્ણાટકના ચીફ ઈલેક્ટોરલ ઓફિસરની ઓફસથી ખૂબ નજીક છે.છેલ્લાં ૩૮ વર્ષથી કર્ણાટકમાં સતત બે વાર કોઈ પણ પાર્ટીની સત્તા બની નથી. દર ૫ વર્ષે અહીં સરકાર બદલાય છે. ભાજપ આ પરંપરા તોડવા કમર કસી રહ્યો છે, તો બીજી બાજુ કોંગ્રેસ રાજ્યમાં સત્તા મેળવી લોકસભાની ચૂંટણી પહેલાં આત્મવિશ્વાસ વધારવા પ્રયાસ કરી રહ્યો છે.ઓપિનયન પોલમાં પીછેહઠ દર્શાવાતા જ ભાજપે રાજ્યમાં ખાસ કરીને અંતિમ તબક્કામાં સ્ટાર પ્રચારકોની ફોજ ઉતારી હતી. જેમાં સ્વયં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જ ૨૦થી વધુ રેલીઓ તથા બેંગાલુરૂમાં બે જંગી રોડ શો કરી મતદારોને પોતાની તરફ આકર્ષવા પ્રયાસો કર્યા હતાં.ચૂંટણી અગાઉ કર્ણાટકમાંથી તપાસ સંસ્થાઓ દ્વારા ૧૩૭૫ કરોડની રોકડ સહિતની માલમત્તા જપ્ત કરાઈ છે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યમાં ૨૯ માર્ચથી ચૂંટણીની આદર્શ આચાર સંહિતા લાગુ કરાઈ હતી. જપ્ત કરાયેલી માલમત્તામાં ૧૪૭ કરોડની રોકડ, ૮૪ કરોડની કિંમતનો શરાબ, ૯૭ કરોડનું સોનું અને ચાંદી, ૨૪ કરોડની વિવિધ ચીજ-વસ્તુઓ તથા ૨૪ કરોડની કિંમતની નશીલી દવાઓનો સમાવેશ થાય છે તેમ મુખ્ય ચૂંટણી અધિકારીએ માહિતી આપતાં જણાવ્યું હતું. આ જપ્ત થયેલી વસ્તુઓ અંગે કુલ ૨,૮૯૬ જેટલી એફઆઈઆર નોંધવામાં આવી છે. જ્યારે ચૂંટણની જાહેરાત અગાઉ રાજ્યમાંથી કુલ ૫૮ કરોડની માલમત્તા જપ્ત કરાઈ હતી.


# પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ મેએ ગુજરાત આવશે, સાયન્સ સિટી અને સંઘના કાર્યક્રમમા હાજરી આપશે

અમદાવાદ,

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ૧૨ મેના રોજ એક દિવસ ગુજરાતની મુલાકાત આવવાના છે. વડાપ્રધાન મોદી ગિફ્ટ સિટીની મુલાકાત લેશે તેમજ ગાંધીનગરમાં વિવિધ કંપનીઓના સીઈઓ અને યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલરોને પણ મળશે તેમજ શિક્ષક સંઘના કાર્યક્રમમાં હાજરી આપશે.

વડાપ્રધાન મોદી ૧૨ મેના રોજ મહાત્મા મંદિરમાં વિવિધ લોકાર્પણ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે તેમજ સાંજે ગિફ્ટ સિટી પાસે અન્ય એક કાર્યક્રમમાં પણ હાજરી આપશે તેમજ બપોરે ૨ કલાક રાજ ભવનમાં અલગ અલગ બેઠકો કરશે. વધુમાં તમને જણાવી દઈએ કે, ૧૯૪૬ કરોડના ખર્ચે તૈયાર થયેલા ૪૨ હજાર આવાસોનું લોકાર્પણ કરાવશે.

ગાંધીગનર ગિફ્ટ સિટી ખાતે



૧૨ અને ૧૩ મેના રોજ પ્રાથમિક શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશન યોજવા જઈ રહ્યું છે. મોદીના હસ્તે શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનને ખુલ્લું મુકવામાં આવશે. પ્રાથમિક શિક્ષક સંઘના રાષ્ટ્રીય અધિવેશનમાં શિક્ષક સંઘ સાથે જોડયેલા સમગ્ર દેશના શિક્ષકો હાજર રહેશે. આપને જણાવી દઈએ કે, દેશના વિવિધ રાજ્યમાં દર ૨ વર્ષે અધિવેશનનું આયોજન કરવામાં આવે છે. આ વખતે ગાંધીનગર ખાતે આ અધિવેશનનું આયોજન કરાયું છે.

# સીંગતેલમાં ફરી થયો વધારો, છેલ્લા એક સપ્તાહમાં ૫૦ થી ૬૦ રૂપિયાનો વધારો

રાજકોટ,

ગુજરાતમાં કાળઝાળ ગરમીની વચ્ચે સીંગતેલમાં આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. ત્રણ દિવસમાં સીંગતેલના ડબ્બાના ભાવમાં રૂપિયા ૧૦૦નો વધારો નોંધાયો છે. સીંગતેલ ડબ્બાના ભાવ ૨૮૬૦થી ૨૯૧૦ થયા છે. લગ્નસરા સીઝનની ઈફેક્ટ ભાવવધારા માટે કારણભૂત હોવાનું મનાઈ રહ્યું છે. સાઈડતેલોના ભાવમાં વધારા કોઈ મોટો તફાવત જોવા મળ્યો નથી.

સીંગતેલમાં ભાવમાં સતત તેજી જોવા મળી છે. કપાસિયા તેલના ડબ્બાના ભાવમાં છેલ્લા એક સપ્તાહમાં ૫૦ થી ૬૦ રૂપિયાનો વધારો થઈ રહ્યો છે. તો તેને પગલે પામ ઓઈલ સનફ્લાવર ઓઈલ સહિતના સાઈડ તેલમાં પણ ૪૦થી ૫૦ રૂપિયાનો વધારો જોવા મળ્યો છે. સીંગતેલના ભાવમાં ૧૦૦નો વધારો જોવા મળ્યો છે. પામ તેલના ડબ્બાનો ભાવ ૧૫૨૫થી



૧૫૩૦ રૂપિયા પહોંચી ગયો છે. સનફ્લાવર તેલના ડબ્બાના ૧૬૨૦થી ૧૬૬૦ થઈ ગયા છે. મગફળી, કપાસની ઓછી આવક માવઠા સહિતના કારણો આગળ ધરી ખાદ્યતેલોના ભાવમાં ધરખમ ઉછાળો જોવા મળ્યો છે.

તેલીયા રાજાઓનું કહેવું છે કે મગફળી કપાસની હાલ યાર્ડમાં ઓછી આવક છે. તેમજ હાલમાં જે કમોસમી વરસાદ પડ્યો છે. તેના કારણે ઉનાળુ પાકને પણ અસર પહોંચી છે. જે સહિતના કારણો આગળ ધરી ખાદ્યતેલોમાં ફરી એક વખત આગ ઝરતી તેજી જોવા મળી રહી છે.

# મિશન વિપક્ષ એકતા : નીતિશ ૧૧ મેના રોજ મુંબઈ જશે, શરદ પવાર અને ઉદ્ધવ ઠાકરેને મળશે

પટણા,

૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે વિપક્ષને એકજૂટ કરવામાં વ્યસ્ત બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર હવે ૧૧ મેના રોજ મુંબઈની મુલાકાત લેશે. આ દરમિયાન તેઓ રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવાર અને પૂર્વ મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને મળશે. શરદ પવારે પોતે સોમવારે આ માહિતી આપી હતી.

પવાર, જેમણે NCP વડા તરીકે રાજીનામું આપવાનો નિર્ણય પાછો ખેંચી લીધો છે, તે કર્ણાટકના નિપાની જતા પહેલા સોલાપુરમાં પત્રકારો સાથે વાત કરી રહ્યા હતા. આ દરમિયાન જ્યારે જનતા દળ (યુનાઈટેડ)ના નેતા અને બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર સાથે સંભવિત મુલાકાત વિશે પૂછવામાં આવ્યું ત્યારે પવારે કહ્યું, “મને સંદેશ મળ્યો છે કે નીતિશ કુમાર ૧૧ મેના રોજ મુંબઈ આવશે. અમે મળીશું. જો કે, મારી પાસે તેના વિશે સંપૂર્ણ માહિતી નથી. અમારું માનવું છે કે દેશમાં એક વિકલ્પ (ભાજપ સરકારનો) જરૂરી છે."

"જે લોકો યોગદાન આપવા માંગે છે, તે નીતિશ હોય કે મમતા (પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી અને તૃણમૂલ કોંગ્રેસના નેતા) મને લાગે છે કે આપણે બધાએ આ માટે સાથે મળીને કામ કરવાની જરૂર છે," NCP વડાએ કહ્યું. દેશમાં આવતા વર્ષે લોકસભાની ચૂંટણી યોજાવાની છે. પવારે એમ પણ કહ્યું હતું કે મહારાષ્ટ્રમાં તેમના રાજકીય સહયોગી શિવસેના (યુબીટી) અને કોંગ્રેસ સાથે લોકસભા બેઠકોની વહેંચણી અંગે કોઈ ચર્ચા થઈ નથી. એનસીપી, શિવસેના (યુબીટી) અને કોંગ્રેસ તમામ મહા વિકાસ અઘાડી ગઠબંધનના ઘટક છે. તેમણે કહ્યું, “મહા વિકાસ અઘાડીના નેતાઓ સાથે બેસીને બેઠક વહેંચણીના મુદ્દા પર ચર્ચા કરશે. આવી બેઠકો પહેલાં કોઈ ચોક્કસ લોકસભા બેઠક પર દાવો કરવાનો કોઈ અર્થ નથી."

# સુરત : એક કરોડથી વધુના GST કૌભાંડમાં નાસતા ફરતા આરોપી અસરફ ખીમાણીને બ્રાન્ચે પકડ્યો

સુરત,

એક કરોડથી વધુના જીએસટી કૌભાંડમાં નાસતા ફરતા આરોપીને ઝડપી લેવાયો છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીને પકડી લેવામાં આવ્યો છે. આરોપી અસરફ ખીમાણી સહ આરોપીઓને નકલી બિલ બનાવી આપતો હતો. આ નકલી બિલના કેસમાં અગાઉ નીતિન મહેશ્વર, મહેશ રાઠી અને અરવિંદ વોરા નામના આરોપી પણ પકડાયા છે.

સુરત ક્રાઈમ બ્રાન્ચને GST ફ્રોડમાં ભાગતા ફરતા એક આરોપીને પકડવામાં મોટી સફળતા મળી છે. ૧,૧૬,૫૧,૯૬૨ રૂપિયાના GST



કૌભાંડમાં ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ભાગતા ફરતા આરોપી અસરફ સતાર ખીમાણીની ધરપકડ કરવામાં આવી છે. ૨૮ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ એક ગુનો દાખલ થયો હતો. આ ગુનાની તપાસ ઈકો સેલને સોંપવામાં આવી હતી. ફરિયાદીએ નોંધાવેલી ફરિયાદ અનુસાર આ ગુનાના આરોપી નિતીન મહેશ્વર, અરવિંદ વોરા, મહેશ રાઠી અને અશરફ ખીમાણીઓએ ગુનાહિત કાવતરું રચી રુદ્રા એન્ટરપ્રાઈઝ નામની બનાવટી પેઢી ઊભી કરી હતી. ત્યારબાદ જીએસટી નંબર મેળવીને કેટલાક ખોટા બીલો બનાવી ૧,૧૬,૫૧,૯૯૨ રૂપિયાનો જીએસટી ટેક્સ સરકારને નહીં ભરીને સરકાર સાથે વિશ્વાસઘાત કર્યો હતો.

અગાઉ આ મામલે પોલીસ દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટ નીતિન મહેશ્વર, અરવિંદ વોરા, અને મહેશ રાઠીની ધરપકડ કરવામાં આવી હતી. જેમાં મહેશ રાઠીએ આ કૌભાંડને લઈને અશરફનું નામ પોલીસ સમક્ષ જણાવ્યું હતું. જે બાદ તપાસ કરી રહેલી પોલીસે અસરફ ખીમાણીની ધરપકડ કરવામાં આવી છે. આરોપી અસરફની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે તેને ખોટા બીલો બનાવ્યા હતા, ૯૫ જેટલા બિલો સહ આરોપીઓને આપ્યા હતા. આરોપી અસરફ ખોટા બીલો બનાવી જે રકમ પોતાના બેંક એકાઉન્ટમાં જમા કરાવાતી હતી. જેમાંથી અઢી ટકા કમિશન કાપી બાકીનું પેમેન્ટ મહેશ રાઠીને આપતો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે કે, આરોપી અસરફ બીલો ક્યાં બનાવતો હતો અને આટલા વધારે બિલો તે ક્યાંથી લાવતો હતો.

# જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદી ષડયંત્ર સાથે અનેક સ્થળો પર દરોડા

શ્રીનગર,

નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) પાકિસ્તાની કમાન્ડરોના ઈશારે ઉપનામ હેઠળ કાર્યરત આતંકવાદી જૂથો દ્વારા રચવામાં આવેલા ગુનાહિત કાવતરાના કેસમાં મોટી કાર્યવાહી કરી રહી છે. NIA શ્રીનગર, કુપવાડા, પુંછ અને રાજૌરી સહિત જમ્મુ અને કાશ્મીરમાં વિવિધ સ્થળોએ દરોડાની કાર્યવાહી કરવામાં આવી રહી છે. એનઆઈએનો દરોડો ૫ મેના રોજ રાજૌરી જિલ્લામાં આતંકવાદીઓ સાથેની અથડામણમાં સેનાના પાંચ જવાનો શહીદ થયાના દિવસો બાદથી પાડવામાં આવી રહ્યા છે.

આ પહેલા ૨૦ એપ્રિલે પૂંચ જિલ્લામાં આતંકવાદી હુમલામાં સેનાના પાંચ જવાન શહીદ થયા હતા. સંરક્ષણ અધિકારીઓએ જણાવ્યું હતું કે, આતંકવાદીઓએ સેનાના વાહન પર ગોળીબાર કર્યો જ્યારે તે પૂંચ જિલ્લાના ભીમ્બર ગલીથી સંગીતોત જઈ રહ્યું હતું.પીએફઆઈને લઈને આવા ઘણા દસ્તાવેજો સામે આવી રહ્યા છે, જેમાં પીએફઆઈ પર આતંકવાદી સંગઠન તરીકે કામ કરવાના આરોપો સામે આવી રહ્યા છે.

અહેવાલો અનુસાર, સૂત્રોએ જણાવ્યું હતું કે બોર્ડર એક્શન ટીમ , જેમાં પાકિસ્તાની સેનાના કમાન્ડો અને સુરક્ષાકર્મીઓનું શિરચ્છેદ કરવા માટે કુખ્યાત આતંકવાદીઓનો સમાવેશ થાય છે. તેઓ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં જોવા મળ્યા છે. સૂત્રોએ જણાવ્યું હતું કે રાજૌરી અને પૂંચ સેક્ટરની આસપાસ પીઓકેમાં લંજોટ, નિકલ, કોટલી અને ખુઈરટ્ટાથી આતંકવાદી ગતિવિધિઓની જાણ થઈ હતી.

બીએટી ઓપરેશનમાં સામેલ આતંકવાદીઓને પાકિસ્તાની સેનાના સૈનિકો અને કમાન્ડો જેવા જૂથોમાં તાલીમ આપવામાં આવે છે. તેમને એલઓસી પર હુમલો કરવાની ટ્રેનિંગ આપવામાં આવી રહી હતી. બીએટી સ્પેશિયલ સર્વિસ ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવે છે. ટીમો સાવચેત આયોજન સાથે પાછળથી પ્રહાર કરે છે.

આ સિવાય તમિલનાડુમાં પણ ૧૦થી વધુ સ્થળો પર એનઆઈએનું સર્ચ ઓપરેશન ચાલી રહ્યું છે. અહેવાલ છે કે તપાસ એજન્સી પીએફઆઈ સાથે જોડાયેલા કેટલાક લોકો અને નેતાઓના સ્થળો પર દરોડા પાડી રહી છે. આ દરોડો આ કેસમાં પહેલાથી જ નોંધાયેલી એફઆઈઆરની તપાસ દરમિયાન કરવામાં આવી રહ્યો છે. વાસ્તવમાં, આ પહેલા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન પીએફઆઈના વધુ ૧૦૬ સભ્યોની દેશભરમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# મહીસાગર જીલ્લાના ભાદરડેમનું તળિયું દેખાયું : માત્ર ૮.૨૪ ટકા જ પાણીનો જથ્થો રહેતા પિયત માટે કરાયું બંધ : ખેડૂતોમાં ચિંતાનો માહોલ



ખાનપુર,

મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ ભાદરડેમમાં જળસ્તર તળિયે જતાં રહેતા માત્ર ૮.૨૪ ટકા જ પાણીનો જથ્થો રહ્યો છે. પાણી ઓછું થતાં ખેડૂતોને સિંચાઈ માટે આપવામાં આવતું પાણી કેનાલમાં છોડવાનું બંધ કરવામાં આવ્યું છે. માવઠાના માર પછી ખેડૂતો માટે વધુ એક વખત મુશ્કેલ સ્થિતિના કારણે આગામી સમય ખેડૂતો અને પશુપાલકો માટે કપરો બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે, એક તરફ ભર ઉનાળે ભારે વરસાદ વચ્ચે કુદરત પણ ખેડૂતો સાથે ખો-ખો રમે છે તો બીજી તરફ સરકાર પણ ખો-ખો રમે છે. ત્યારે સરકાર દ્વારા માવઠા અને પાણીની અછત હોય તેવા વિસ્તાર માટે ખેડૂતોને સહાય થાય તેવી નવી નીતિ બનાવવા માંગ ઉઠી રહી છે.

મહીસાગર જીલ્લાના ખાનપુર તાલુકામાં આવેલ ભાદર ડેમની હાલની સપાટી ૧૧૨.૨૦ મીટર છે પાણીનો જથ્થો સ્ટોરેજ ૨૫૫૦ મિલિયન ક્યુબિક મીટર છે. જ્યારે ટકાવારીમાં ડેમમાં હાલમાં માત્ર ૮.૨૪ ટકા પાણી શેષ બચ્યું છે. ડેમ ખાલી થતા ભાદર કેનાલ કરવામાં બંધ આવી ખેડૂતોને પિયત માટે પાણી નહિ મળે. ભાદર ડેમ મારફતે કુલ ત્રણ તાલુકામાં પિયત માટે પાણી આપવામાં આવે છે. જેમાં વીરપુર,ખાનપુર અને લુણાવાડા તાલુકાઓ નો સમાવેશ થાય છે ત્રણ તાલુકાની કુલ ૨૪૦૦ હેકટર જમીનમાં પિયત માટે પાણી આપવામાં આવે છે. જોકે, ગત વર્ષની સ્થિતિ જોઈએ તો આ સમયગાળામાં ભાદર ડેમ ૯.૩૨ ટકા ભરેલો હતો તેમજ તેની સપાટી ૧૧૨.૬૫ મીટર હતી. સ્ટોરેજમાં ૨૮૮૫ મેટ્રિક ક્યુબિક મીટર ડેમમાં પાણીનો જથ્થો ભરેલો હતો અને કેનાલ ૨૧/૦૩/૨૦૨૨નાં રોજ બંધ કરવામાં આવી હતી. આ વર્ષે બે મહિના વધુ પાણી છોડવામાં આવ્યું. જોકે હજી પણ વિસ્તારના ખેડૂતોને બાજરી, મગ, જુવાર,મકાઈ અને ઘાસચારાના પાકોમાં પાણીની જરૂરિયાત છે, પણ ડેમ ખાલી થતા પિયત માટે પાણી બંધ કરવામાં આવ્યું છે. આ વર્ષે ઉનાળુ ખેતીમાં માવઠાએ નુકસાન કર્યું છે. ઉપરાંત ડેમમાં પાણી પણ ઓછું થયું છે, ત્યારે ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. સરકાર દ્વારા હાલ માવઠાથી અસરગ્રસ્તો માટે સર્વે શરૂ કરાયો છે, પરંતુ તેના નીતિનિયમોના કારણે અનેક તાલુકો બાકાત રહી જાય છે. ત્યારે છૂટાછવાયા વરસાદના નુકસાન અંગે સરકાર કોઈ નવી નીતિ બનાવી ખેડૂતોને સહાય કરે તેવી માંગ ઉઠી રહી છે.

# પ્રધાનમંત્રી ગ્રામીણ આવાસ યોજના થકી ગામડાના ગરીબોને પોતીકુ, પાકુ અને પરમેનન્ટ આવાસ બનાવવું બન્યું આસાન




મહીસાગર,

સામાન્ય રીતે દરેક વ્યક્તિનું સપનું હોય છે કે તેની પાસે પોતાની માલિકીનું એક પાકુ મકાન હોય. દેશના દરેક કુટુંબને પાકા આવાસની સુવિધા ઉપલબ્ધ કરાવવાનાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનાં સ્વપનને પૂર્ણ કરવા ભારત સરકાર દ્વાર ટકાઉ અને સારા આવાસને પ્રોત્સાહન આપવા માટેનીપ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) તા.૨૦-૧૧-૨૦૧૬થી અમલમાં મુકવામાં આવી. આ યોજના અંતર્ગત, સરકાર ગ્રામીણ વિસ્તારનાં આર્થિક રીતે નબળા વર્ગને પોતાનું પાકું મકાન બનાવવા અને જૂના મકાનની મરામત માટે રૂ.૧.૨૦ લાખ કરતા વધારેની આર્થિક સહાય પૂરી પાડે છે. નળિયાની છત અને માટીથી બનેલા કાચા મકાન ધરાવતા આર્થિક રીતે નબળા વર્ગનાં પરિવારો માટે આ યોજના રહેઠાણની સુવિધાનું ચિત્ર બદલી રહી છે. મહીસાગર જીલ્લાનાં સંખ્યાબંધ જરૂરતમંદ પરિવારોને આ યોજના અંતર્ગત પોતાના મકાનને પાકુ બનાવવા માટે આર્થિક સહાય મળી છે.

મકાન ન હોય કે મકાન પાકુ કરવાની જરૂર હોય, અને આર્થિક કારણોસર પનો ટૂંકો પડતો હોય તેવા સંખ્યાબંધ લાભાર્થીઓ માટે આ યોજના આર્શીવાદરૂપ બની છે. આ યોજનાના લાભાર્થી લુણાવાડા તાલુકાનાં ચારણગામમાં રહેતા વણકર જગાભાઈ જણાવે છે કે, ખેતી કામ કરીને અમે અમારાપરિવારના છ સભ્યોનું ગુજરાન ચલાવીએ છીએ અમારી આર્થિક પરિસ્થિતિ એવી નથી કે અમે પૈસા ભેગા કરી પાકું મકાન બનાવી શકીએ. જેથી કાચા ઝુંપડામાં તાલપત્રી નાખી રહેવું પડતુ, તે સમયે અમને ખૂબ જ તકલીફો પડતી, ચોમાસાના સમયે આજુબાજુ પાણી ભરાવાથી ગંદકી થતી અને જેના કારણે અમારા પરિવારને ક્યારેક માંદગીનો સામનોપણ કરવો પડતો. પવન કે વાવાઝોડા જેવી કુદરતી આફત વખતે ઘર ઉપર ઢાંકેલ તાલપત્રી પણ ઉડી જતી. જ્યારે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓમાં અમારો સમાવેશ થયો અને સરકાર દ્વારા રૂપિયા ૧ લાખ ૨૦ હજારની સહાય મળવાથી અમે આજે પોતીકું કહી શકાય એવું પાકું આવાસ બનાવી તેમાં પરિવાર સાથે કોઈ પણ પ્રકારની કુદરતી આફત કે મોસમની ચિંતા કર્યા વગર રહી શકીએ છીએ.

જો અમને સરકારની સહાય ના મળી હોત તો આજે પણ કદાચ અમે એ જ ઝુપડામાં રહેવા મજબુર હોત તેમ જણાવતા જગાભાઈએ ઉમેર્યું કે, સરકારે અમારા જેવા ખેતી કરતા પરિવારોની ચિંતા કરીને અમને આ પાકા આવાસની સગવડ પુરી પાડી તે બદલ અમે સરકારનો આભાર વ્યક્ત કરીએ છીએ.

# ૧૧ના ટકોરે રિયાલિટી ચેક બાબુઓ ગેરહાજર જોવા મળ્યા



બાલાસિનોર,

તાલુકા પંચાયતના રેઢિયાલ તંત્રને લઈને અરજદારોમાં રોષ તાલુકા પંચાયત ના મુખ્ય તાલુકા વિકાસ અધિકારીની ઓફીસ બંધ જોવા મળી નાની સિંચાઈની ઓફીસ તથા આઈસીડીએસની ઓફીસ ઘણા બધા ટેબલો ખાલી જોવા મળ્યા. આ બાબતે ઉચ્ચ કક્ષાએથી સરપ્રાઈઝ ચેકીંગ કરવામાં આવેતો અનેક બાબુઓના કાંડ પર્દાફાશ થાય એમ છે.

# બાગાયતદારોને જાણવા જોગ : હાઈબ્રીડ શાકભાજી પાકોની ખેતી માટે વિનામૂલ્યે કીટ્સ અપાશે

મહિસાગર,

સરકાર દ્વારા રાજ્યના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ખેડૂતો માટે વિવિધ પ્રકારની યોજનાકીય સહાય અમલી બનાવવામાં આવી છે. જે અન્વયે મહીસાગર જીલ્લાના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ખેડૂત ખાતેદારો કે જેઓ હાઈબ્રીડ શાકભાજી પાકોની ખેતી કરતાં હોય તેમના માટે વર્ષ ૨૦૨૩-૨૪માં સરકાર દ્વારા વિનામૂલ્યે શાકભાજી પાકોના હાઈબ્રીડ બિયારણના ઈનપુટ કીટ્સ આપવા સહાય આપવાની યોજના અમલમાં છે.

આ યોજના હેઠળ હાઈબ્રીડ શાકભાજી બિયારણના ઈનપુટ કિટનો લાભ લેવા માંગતા જીલ્લાના અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિના ખેડૂતોએ તેમની ૭/૧૨, ૮-અ અને આધારકાર્ડની નકલ તથા જાતિ અંગેના સક્ષમ અધિકારીના દાખલાની નકલ સાથે મહીસાગર જીલ્લાની નાયબ બાગાયત નિયામકની કચેરી, લુણાવાડા એ તાત્કાલિક સંપર્ક કરવા જીલ્લા નાયબ બાગાયત નિયામકની અખબારી યાદીમાં જણાવાયું છે.

હાઈબ્રીડ શાકભાજી બિયારણની ઈનપુટ કીટનો લાભ લક્ષ્યાંકની મર્યાદાને દ્યાનમાં રાખીને આપવાનો હોવાથી ખેડૂતોને વહેલા તે પહેલાના ધોરણે અરજી કરવાની રહેશે.

# સંતરામપુરના નર્સિંગપુર ગામે પશુ આરોગ્ય મેળાનું આયોજન કરાયું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,

મહીસાગર જીલ્લાના સંતરામપુર તાલુકાના નર્સિંગપુર ગામે પશુપાલન શાખા જીલ્લા પંચાયત મહીસાગર આયોજીત પશુ દવાખાના સંતરામપુર સંચાલિત ડોક્ટર એસ એસ દેવડાના વડ પણ હેઠળ નરસિંગપુર સરપંચ હસ્તે કેમ્પનું ઉદઘાટન કરી કેમ્પનો આરંભ કરવામાં આવ્યો. પશુ આરોગ્ય મેળો યોજાયો પશુ રોગ નિદાન સારવાર કેમ્પમાં જૂવો ઈતરડી પશુઓ ફરવાના બંધાવવાના પ્રશ્નો પશુઓને ગળ સુંધા રોગોનું રસીકરણ વગેરે સારવાર આપી ગામના મોટાભાગના લોકોએ લાભ ઉઠાવ્યો.

# જીલ્લા પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીની બેઠક મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીની ચેમ્બર ખાતે યોજાઈ



મહિસાગર,

મહિસાગર જીલ્લામાં પીસી એન્ડ પીએનડીટી એડવાઈઝરી કમિટીના ચેરમેન નિરૂબા સોલંકીના અદ્યક્ષતામાં મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીની ચેમ્બર ખાતે બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સેક્સ રેશિયો એટ બર્થ અંગે, રીન્યુઅલ માટે ઓનલાઈન બેટી વધાઓ પોર્ટલ પર આવેલ અરજી અંગે, રજીસ્ટર થયેલ હોસ્પિટલમાં નવા ઉમેરાયેલ ડોક્ટરોનું તેમજ રીમુવ થયેલ ડોકટરોની ચર્ચા, રજીસ્ટર થયેલ સંસ્થાના યું .એસ .જી મશીન ટ્રાન્સફર કર્યા અંગેની ચર્ચા વગેરે બાબતો અંગે ચર્ચા કરી જરૂરી કામગીરી કરવા અંગેની પ્રકિયા હાથ ધરવામાં આવી હતી.

આ મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી સી આર પટેલ, અધિક જીલ્લા આરોગ્ય અધિકારી જે જે પરમાર, ગાયનેકોલોજીસ્ટ, પેથોલોજીસ્ટ તથા સંબંધિત અમલીકરણ અધિકારી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી : ૫ માસના બાળકને સિંહણે ફાડી ખાધું, દિપડાએ ૩ વર્ષના બાળકને શિકાર બનાવ્યો

અમરેલી,

અમરેલી જિલ્લામાં પશુઓનો આતંક વધી રહ્યો છે. સિંહ અને દિપડાઓના માનવ પર હુમલા વધી રહ્યા છે. આજે અમરેલી જિલ્લામાં બે અલગ-અલગ ઘટનાઓમાં બે માસુમ બાળકો આદમખોર જંગલી પ્રાણીઓના શિકાર બનતા ચકચાર મચી છે. મરેલી જીલ્લામાં મોટા પ્રમાણમાં રાનીપશુઓનો વસવાટ છે, સિંહ અને દિપડાઓ મોટી સંખ્યામાં અમરેલી જિલ્લાના રેવન્યુ વિસ્તારમાં ફરે છે. આ રાનીપશુઓ પોતાનું પેટ ભરવા પશુઓનો શિકાર કરે ત્યાં સુધી તો ઠીક છે, પરંતુ હવે આ જંગલી પ્રાણીઓના માનવ પરના હુમલાઓ વધી રહ્યા છે. આજે અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના ખારા ગામે વિશાલ ભાવેશભાઈ પરમાર નામના એક પાંચ માસના માસુમ બાળકને સિંહણે ફાડી ખાધું હતું. અન્ય એક ઘટનામાં સાવરકુંડલાના કરજાળા ગામની સીમમાં ભુપત મગનભાઈ બાગડીયા નામના એક ૩ વર્ષના બાળકનો દિપડાએ શિકાર કરી મોતને ઘાટ ઉતાર્યું હતું. જેના કારણે સીમ વિસ્તારમાં કામ કરતા કે ઝૂંપડાઓ બાંધીને રહેતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે.

અમરેલી જીલ્લામાં એક જ દિવસમાં બબ્બે બાળકોના શિકારની ઘટના બનતા વનવિભાગ પણ દોડતું થયું છે. લીલીયાના ખારા ગામે પાંચ માસના બાળકને શિકાર બનાવનાર સિંહણને પુરવા કવાયત હાથ ધરી છે. બીજી તરફ, સાવરકુંડલાના કરજાળા ગામની સીમમાં બાળકનો શિકાર કરનાર દિપડાને ગણતરીની કલાકોમાં પાંજરે પુરવામાં વનવિભાગને સફળતા મળી છે.

# ધાનપુરના નાનીરેલ ગામે બે ફળિયામાં તત્કાલ મોટર સાથે બોરની વ્યવસ્થા કરાઈ

સુખસર,

દાહોદના ફતેપુરા તાલુકાના નાનીરિલ ગામના લોકોની સ્થિતિ ખુબ જ દયનીય લોકોને પીવાના પાણી માટે ડુંગર ચઢીને બે કિ.મી.સુધી પાણી માટેવલખા મારવા પડી રહ્યા હતા. ત્યારે અહિંના બે ફળિયામાં સરકારી બોર કે કુવા હજુ મળ્યા નથી. રાજ્ય સરકાર દ્વારા લોકોને પીવાનુ શુદ્ધ પાણી મળી રહે તે માટે અનેક યોજનાઓ બહાર પાડવામાં આવી છે પરંતુ વાસ્તવિક્તા જોવા જઈએ તો ગ્રામ્ય વિસ્તારમાં આ યોજનાઓ પોકળ સાબિત થઈ છે. આ અંગેના અહેવાલો પ્રસિદ્ધ કરાતા તંત્ર હરક્તમાં આવી મહીતા અને ડામોર ફળિયાની સમસ્યા જોતા પંચાયત નાણાંપંચની ગ્રાન્ટ ફાળવી બોર વિથ મોટર કરી આપવામાં આવ્યો હતો. મહીડા અને ડામોર ફળિયાના રહિશોને તલાટી, સરપંચ અને ઉપસરપંચ અને ગામલોકોની હાજરીમાં બોર કરી આપવામાં આવ્યો હતો. તલાટી કમ મંત્રી દ્વારા ગામના તમામ નાગરિકોને ગામમાં કોઈપણ પ્રકારની સમસ્યા હોય તો તેનુ નિવારણ કરી આપવા આશ્વાસન આપ્યુ હતુ.

# દે.બારીઆના ગામડી ગામેથી ૭૪ હજારના વિદેશી દારૂ સાથે પિતા-પુત્રને ઝડપ્યા

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ગામડી ગામે પોલીસને મળેલ બાતમીના આધારે એક રહેણાંક મકાનોમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસે રૂા. ૭૪,૯૭૬ના વિદેશી દારૂના જથ્થા સાથે પિતા-પુત્રની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. ગત તા.૦૮મી મેના રોજ દેવગઢ બારીઆ પોલીસને મળેલ બાતમીના આધારે ગામડી ગામે ચોપડા ફળિયામાં રહેતાં નરેશભાઈ ચીમનભાઈ પટેલ તથા ચીમનભાઈ માધુભાઈ પટેલના રહેણાંક મકાનમાં ઓચિંતી પ્રોહી રેડ પાડતાં પોલીસે ઉપરોક્ત બંન્ને પિતા-પુત્રની અટકાયત કરી મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની ૬૪૮ બોટલો જેની કુલ કિંમત રૂા. ૭૪,૯૭૬નો પ્રોહી મુદ્દામાલ કબજે કરી દેવગઢ બારીઆ પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# નોંધ નં.૫૧૬૧૪ બાબતે તમામ હુકમ મુજબ નોંધો રેકર્ડ પર પડેલી છે

ગોધરા,

ગોધરા કસ્બાની નોંધ નં.૫૮૦૦૬ કલેકટર હુકમ આર.ટી.એસ. અપીલ ૪૫/૧૫/વશી/૨૯૧૬ થી ૨૯૪૭-૧૬ તા.૪/૫/૨૦૧૬ અન્વયે નોંધ નંબર ૫૮૦૦૬ તા.૧૨/૦૫/૨૦૧૬ના હુકમથી સર્કલ ઓફિસર દ્વારા તા.૦૩/૦૮/૨૦૧૬ના રોજ પ્રમાણીત કરેલ છે.,

ત્યારબાદ નં.મ.વિ.વિ./હકપ/પચંમ/૩૩/૨૦૧૬ મહેસુલ વિવાદ અમદાવાદના હુકમથી નોંધ નં.૬૦૧૮૪ તા.૨૧/૦૭/૨૦૧૭ના હુકમથી ૧૨/૧૦/૨૦૧૭ થી મંજુર કરેલ છે. નોંધ નં.૫૧૬૧૪ તા.૦૫/૦૪/૨૦૧૩ હુકમની નોંધ છે. પરંતુ નોંધ નં.૫૦૨૯૭ નિર્ણય મુજબ અમલવારી કરવાની પ્રમાણિત કરવામાં આવે છે. દાવા નં.૬૪/૨૦૦૨ પાન નં.૧૬ એમ.એ.મિરઝા એડીશનલ સિવિલ જજ પંચમહાલ ગોધરા દ્વારા મંજુર કરેલ છે. તેમાં આંક ૧૧૨ મુજબ વહેંચણી મુજબ નિર્ણય કરેલ છે. ત્યાર નોંધ નં.૫૧૬૧૪-૫૦૨૯૭ રે.મુ.સિવિલ ઉપલી કોર્ટના હુકમ નં.૭૮/૨૦૦૮ નામંજુર કરવામાં આવેલ છે. ત્યાર બાદ ગુજરાત હાઈકોર્ટ સેકન્ડ અપીલ નંબર ૨૦૮/૨૦૧૨થી અરજદારીની અપીલ નામંજુર કરેલ હાઈકોર્ટ દ્વારા તમામ નીચલી કોર્ટના હુકમ માન્ય રાખી હુકમ કરેલ છે. તમામ નોંધો હુકમ અનુસાર પડેલ છે.

## આપની આજ.......

મેષ : આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને દરેક સંજોગોમાં વિજય મળશે. કાર્યકાળમાં સુધારો કરવા માટે આજનો દિવસ સારો છે. નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે નસીબદાર છે અને સંપત્તિની પ્રાપ્તિનો સંકેત આપી રહ્યો છે. ધનમાં વધારો થશે. શત્રુ હારશે અને અંતે સર્વત્ર સફળતાની પ્રાપ્તિથી ખુશ થશો.

મિથુન : ગ્રહોની શુભ સ્થિતિને કારણે આજે તમને અચાનક મોટી રકમ મળી શકે છે અને તમારા ભંડોળમાં પણ વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો. તેનાથી થોડી સ્થાયી સફળતા મળશે.

કર્ક : આજે તમારો દિવસ વ્યસ્ત છે અને આખો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવામાં પસાર થશે. પૈસાની દ્રષ્ટિએ તમને ફાયદો થશે અને પરિવારમાં સમૃદ્ધિ મળશે. આજે કંઈક એવું બનશે કે જે તમારા દ્રષ્ટિકોણને બદલશે.

સિંહ : આજે તમારે વેપાર વ્યવસાય તરફ ધ્યાન આપવાની વધારે જરૂર છે. આજે બપોર સુધીમાં તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને એક કરી શકશો. આગળ કોઈ સમય ના મળી શકે.

કન્યા : તમારા માટે આજનો દિવસ શુભ છે અને તમને લાભ મળશે. દરેક પ્રકારની ઈચ્છા પ્રાપ્ત થશે. ઘરે શુભ કાર્યો ગોઠવી શકાય છે અથવા સમાજના કોઈપણ કાર્યક્રમમાં ભાગ લઈ શકો છો.

તુલા : આજે તમને શ્રેષ્ઠ સંપત્તિ મળશે અને ભાગ્યની સહાયથી કાર્યો પૂરા થશે. આજે ધન રાશિના માલિકના આશીર્વાદથી તમને ભાગ્યનો સહયોગ પ્રાપ્ત થશે.

વૃશ્ચિક : આજે તમારો શુભ દિવસ રહેશે અને તમને પરિવારના બધા સભ્યોનો સહયોગ મળશે. ઓફિસમાં લોકો તમારી સહાય માટે તૈયાર રહેશે અને મનમાં ખાસ પ્રકારનો ઉત્સાહ રહેશે.


ધનુ : આજે તમે ભાગ્યની સહાયથી ખુશ અને સમૃદ્ધ થવાના છો અને આજે તમને ભેટો અને સન્માનનો લાભ મળશે. નજીકના મિત્રની સલાહ અને ટેકાથી તમે તમારા ખરાબ કાર્યોને પણ યોગ્ય રીતે કરી શકો છો, સમયનો લાભ લઈ શકો છો. આજે તમારે તમારા બાળકને લઈને કોઈ મહત્વપૂર્ણ નિર્ણય લેવો પડી શકે છે.

મકર : આજે તમારો ખાસ દિવસ છે અને તમારી રાશિના લોકોને આજે વિશેષ લાભ મળશે. આજનો દિવસ ભાગદોડમાં વિતાવશો અને વિશેષ ચિંતા રહેશે. પત્નીના સ્વાસ્થ્ય માટે સાવચેત રહેવું.

કુંભ : આ દિવસે તમને ભાગ્યનો સહયોગ મળશે. ક્ષેત્રમાં સ્થાળાંતરથી તમને ફાયદો થઈ શકે છે અને ધંધામાં પણ નફો વધશે. ભાગીદારો સાથે સાચી પ્રામાણિકતા અને સારી વાણી રાખીને તમે લોકોનું દિલ જીતી શકો છો.

મીન : આજનો દિવસ તમારા માટે શુભ છે અને તમને શ્રેષ્ઠ પ્રકારની સંપત્તિ મળશે. આજે ઘણા દિવસોથી અટકેલા પૈસા મળી શકે છે. આજે ચંદ્ર સુખ અને શાંતિ આપશે અને તમને તમારા ભાગ્યનો પૂરો સહયોગ મળશે.

# પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની ધરપકડ, ઈસ્લામાબાદ હાઈકોર્ટ બહારથી રેન્જર્સ ધક્કા મારીને લઈ ગયા





ઈસ્લામાબાદ,

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને ક્રિકેટર ઈમરાન ખાનની ધરપકડ કરવામાં આવી છે. આજે કોર્ટમાં હાજર થતાં ભ્રષ્ટાચાર બદલ તેમને પકડી લીધા. પાકિસ્તાની રેન્જર્સે ઈમરાન ખાનની ધરપકડ કરી છે. ઈસ્લામાબાદની કોર્ટમાં હાજર થયા હતા. ત્યાંથી બહાર નીકળતાં જ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

ઈમરાનની ધરપકડ એવા સમયે થઈ, જ્યારે હાલમાં જ તેમણે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી આઈએસઆઈના અધિકારી મેજર જનરલ ફૈસલ નસીર પર ગંભીર આરોપ લગાવ્યા હતા. ધરપકડ બાદ તેમને અજ્ઞાત સ્થળે લઈ જવાયા. ઈમરાનના વકીલ ફૈઝલ ચૌધરીએ ધરપકડની પુષ્ટિ કરી છે. ખાનની પાર્ટીના નેતા મસર્રત ચૌધરીએ કહ્યું હતું- મારી સામે ખાન સાહેબને જબરદસ્ત ટોર્ચર કરવામાં આવ્યા હતા. મને ભય છે કે તેમની હત્યા થઈ શકે છે.

અલ કાદિર ટ્રસ્ટ કેસમાં ઈમરાનની ધરપકડ કરવામાં આવી છે. આ યુનિવર્સિટી સંબંધિત બાબત છે. ઈમરાને વડાપ્રધાન તરીકે આ યુનિવર્સિટીને કરોડો રૂપિયાની જમીન ગેરકાયદે રીતે આપી હતી. આ કેસનો ઘટસ્ફોટ પાકિસ્તાનના સૌથી ધનિક વ્યક્તિ મલિક રિયાઝે કર્યો હતો. તેણે આરોપ લગાવ્યો હતો કે ઈમરાન અને તેમની પત્નીએ ધરપકડની બીક બતાવીને અબજો રૂપિયાની જમીન પોતાના નામે કરાવી લીધી હતી. બાદમાં રિયાઝ અને તેની પુત્રીની વાતચીતનો ઓડિયો લીક થયો હતો, જેમાં રિયાઝની પુત્રીનું કહેવું છે કે ઈમરાનની પત્ની બુશરા બીબી સતત તેમની પાસે પાંચ કેરેટની હીરાની વીંટી માગી રહ્યાં છે. આના પર રિયાઝ કહે છે કે જો તે બધું કરી દે છે તો તેમને પાંચ કેરેટની વીંટી આપી દો.

ખાસ વાત એ છે કે અલ કાદિર યુનિવર્સિટીમાં માત્ર બે ટ્રસ્ટી છે. ઈમરાન અને તેની પત્ની બુશરા. લગભગ ૯૦ કરોડની આ યુનિવર્સિટીમાં ૬ વર્ષમાં માત્ર ૩૨ વિદ્યાર્થીઓને એડમિશન થયું. ખાન વિરુદ્ધ કુલ મળીને ૧૦૮ કેસ છે. તેમાંથી ૪ એવા છે, જેમાં તેની ધરપકડ નિશ્ચિત છે. આ જ કારણ છે કે ખાન આમાંથી કોઈપણ કેસમાં કોર્ટમાં હાજર થતા નહોતા.

હાઈકોર્ટના ચીફ જસ્ટિસ આમર ફારુકે ગૃહ મંત્રાલયના સચિવ અને ઈસ્લામાબાદના પોલીસ વડાને ધરપકડ બાદ ૧૫ મિનિટમાં જ કોર્ટમાં હાજર થવાનો આદેશ આપ્યો હતો. જસ્ટિસ ફારુકે કહ્યું કે જો પોલીસ વડા કોર્ટમાં હાજર નહીં થાય તો અમે પાકિસ્તાનના વડાપ્રધાનને અહીં બોલાવીશું. આ લોકોએ કોર્ટમાં આવીને જણાવવું જોઈએ કે કયા કેસમાં અને શા માટે ઈમરાનની ધરપકડ કરવામાં આવી? પાકિસ્તાનના અખબાર ધ ડોને અહેવાલ આપ્યો છે કે ઈમરાનની પાર્ટી પીટીઆઈએ ધરપકડની પુષ્ટિ કરી છે. પાર્ટીના નેતા મુસર્રત ચીમાએ એક વીડિયો સંદેશ જાહેર કર્યો છે. તેણે કહ્યું હતું- ઈમરાન ખાનને અત્યારે ટોર્ચર કરવામાં આવી રહ્યા છે. તેઓ ખાન સાહેબને મારી રહ્યા છે. ઈમરાનના વકીલનો વીડિયો પણ પાર્ટીના ઓફિશિયલ ટ્વિટર એકાઉન્ટ પર શેર કરવામાં આવ્યો છે. પાર્ટીએ કહ્યું હતું કે ઈમરાનને હાઈકોર્ટની બહાર ખરાબ રીતે મારવામાં આવ્યા છે.

૨૦૧૮માં ઈમરાન ખાનને સેનાએ જ વડાપ્રધાન બનાવ્યા હતા. બાદમાં આઈએસઆઈ ચીફ લેફ્ટનન્ટ જનરલ ફૈઝ હમીદના ટ્રાન્સફરના મુદ્દે તેમનો તત્કાલીન આર્મી ચીફ જનરલ કમર જાવેદ બાજવા સાથે વિવાદ થયો હતો. આ પછી સેનાએ શાહબાઝ શરીફને ટેકો આપ્યો હતો અને ગયા વર્ષે એપ્રિલમાં ઈમરાનની સરકારને પાડી દીધી હતી. આ પછી ખાને સેના વિરુદ્ધ નિવેદનો આપવાનું શરૂ કર્યું. તેમણે બાજવાને દેશદ્રોહી પણ કહ્યા હતા. રવિવારે ખાને એક રેલીમાં સેનાના વરિષ્ઠ અધિકારી ફૈઝલ નસીર પર હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ લગાવ્યો હતો. સોમવારે સેનાની મીડિયા વિંગે એક વીડિયો જાહેર કર્યો હતો. તેમાં કહ્યું- ખાન ખોટા આરોપો લગાવી રહ્યા છે. તેમની સામે કાયદેસરની કાર્યવાહી થઈ શકે છે. આ પછી ઈમરાન મંગળવારે ઈસ્લામાબાદ હાઈકોર્ટમાંથી બહાર નીકળતા પહેલા ફરી એક વીડિયો જાહેર કરવામાં આવ્યો હતો. કહ્યું- પાકિસ્તાન માત્ર સેનાનું નથી. મેં સત્ય કહ્યું છે. એક લશ્કરી અધિકારી બે વખત મારી હત્યા કરવાનું કાવતરું ઘડ્યું છે. હું મૃત્યુથી ડરતો નથી. આ પછી જેવા તેઓ હાઈકોર્ટ પહોંચ્યા. પાકિસ્તાન રેન્જર્સે તેમની ધરપકડ કરી હતી.

પીટીઆઈ નેતા મુસર્રત ચીમાએ ટ્વિટર પર એક વીડિયો સંદેશમાં કહ્યું, "તેઓ અત્યારે ઈમરાન ખાનને ટોર્ચર કરી રહ્યા છે, તેઓ ખાન સાહબને માર મારી રહ્યા છે. તેઓએ ખાન સાહબ સાથે કંઈક કર્યું છે". પીટીઆઈના અઝહર મશવાનીએ આરોપ લગાવ્યો છે કે, રેન્જર્સ દ્વારા ઈમરાનનું કોર્ટની અંદરથી "અપહરણ" કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે પાર્ટીએ દેશભરમાં વિરોધ પ્રદર્શન માટે તાત્કાલિક કોલ આપ્યો છે. વળી, પીટીઆઈના ઘણા નેતાઓનું કહેવું છે કે ઈમરાન ખાન પર હુમલો કરવામાં આવી રહ્યો છે.વળી, પીટીઆઈના સત્તાવાર ટ્વિટર એકાઉન્ટ પર પણ ઈમરાન ખાનના વકીલનો વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં ઈમરાન ખાનના વકીલ લોહીથી લથપથ જોવા મળે છે. તેના માથા પર ગંભીર ઈજા છે અને તે ખરાબ રીતે ઘાયલ જોવા મળે છે. જણાવી દઈએ કે, ઈમરાન ખાન વિરુદ્ધ તોશાખાના કેસ સહિત કુલ ૧૧૪ કેસ નોંધાયેલા છે. તેમના પર લાંબા સમયથી ધરપકડની તલવાર લટકી રહી હતી અને પોલીસ તેમના ઘરે અનેકવાર ગઈ હતી, પરંતુ તેમની ધરપકડ થઈ શકી ન હોતી. હાલમાં ઈમરાન ખાનની ધરપકડ કરીને ક્યાં લઈ જવામાં આવ્યા છે તેની માહિતી ઉપલબ્ધ નથી.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

## કાલે કોનો વારો આવશે? તે યક્ષ પ્રશ્ન ની ચર્ચાઓ વચ્ચે અનેક મરણીયા પ્રયાસબાદ

# દાહોદ સ્ટેશન રોડના વેપારીઓ પોતાની દુકાનો ખાલી કરવામાં જોતરાયા : સ્થાનિક રાજકીય આકાઓ પણ આ મુદ્દે હાથ ઊંચા કરી દૂર ભાગતા જોવા મળ્યા

દાહોદ,

દાહોદમાં સ્માર્ટ સિટી અંતર્ગત તળાવના બ્યુટીફિકેશનની કામગીરી પૂર્ણતાના આરે છે. ત્યારે સ્માર્ટ સિટી અંતર્ગત રસ્તા પહોળા કરવાની કામગીરી હાથ ધરવામાં આવે તે પહેલા તેમાં અડચણરૂપ ગેરકાયદે દબાણો તોડવા જરૂરી હોવાથી ગેરકાયદે દબાણો નક્કી કરવા સ્માર્ટ સિટી સમિતિ, સીટી સર્વે કચેરી અને નગરપાલિકા દ્વારા પોલીસને સાથે રાખી સરકારી ખર્ચે માપણીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી અને તેમાં અડચણરૂપ ગેરકાયદે દબાણ ઉપર માપ પ્રમાણે નિશાન મારવામાં આવ્યા હતા. અને તે નિશાનને ધ્યાને રાખી ગત તારીખ ૪-૫-૨૦૨૩ ના રોજ થી શહેરના ગોધરા રોડથી દેસાઈવાડ સુધીના તેમજ ગોદી રોડ પરના ગેરકાયદે દબાણો તોડી પાડી જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. આ કામગીરીના પગલે શહેરના વેપારીઓમાં ફફડાટ ફેલાવવા પામ્યો હતો. અને વેપારીઓએ અંદરોઅંદર મિટિંગોનો દોર શરૂ કરી પોતાની દુકાનો બચાવવાના મરણીયા પ્રયાસો આદર્યા છે ત્યારે બીજી તરફ તંત્ર પણ આ મુદ્દે અડગ હોવાનું જાણવા મળ્યું છે.

સ્માર્ટ સિટી અંતર્ગત દાહોદના ૧૦ જેટલા રસ્તાઓ પહોળા કરવાની મંજૂરી મળી છે. જેમાં (૧) ગોધરા રોડ એન્ટ્રીથી ઝાલોદ રોડ આઈટી આઈ સુધીનો રસ્તો (૨) સરસ્વતી સર્કલ થી ડો.આંબેડકર સર્કલ (૩) બિરસા મુંડા સર્કલથી સરદાર પટેલ સર્કલ (૪) માણેકચોકથી એપીએમસી સર્કલ (૫) ઠક્કરબાપા ચોકથી ચાકલીયા સર્કલ (૬) ગોદી રોડ (૭) મંડાવાવ રોડ (૮) અર્બન બેંક હોસ્પિટલથી ઈન્દોર હાઈવે (૯) રળીયાતી રોડ તથા (૧૦) ઓલ્ડ ઈન્દોર રોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. હાલ સરસ્વતી સર્કલથી ડો. આંબેડકર સર્કલ સુધીના રસ્તા નું કામ ચાલી રહ્યું છે. જ્યારે બાકીના નવ જેટલા રસ્તાઓના કામ બાકી છે અને જ્યાં સુધી તે રસ્તાને આડે આવતા ગેરકાયદે દબાણો ખસેડી રોડ ખુલ્લો કરી આપવામાં નહીં આવે ત્યાં સુધી તે નવે નવ રસ્તા પહોળા કરવાની કામગીરી શરૂ કરવી શક્ય નથી. લગભગ આવા મોટાભાગના ગેરકાયદે દબાણ કરતાઓને પોતાના ગેરકાયદે દબાણ સ્વૈચ્છાએ ખસેડી લેવા માટેની નોટિસ પણ પાઠવી દેવામાં આવી છે અને ડિમોલિશનની કામગીરી અટક્યા વિના આ આખો મહિનો ચાલવાની હોવાનું બિન સત્તાવાર જાણવા મળ્યું છે. દાહોદ સ્ટેશન રોડ પર દુકાનદારોને પાઠવવામાં આવેલ નોટિસની તારીખમાં વિસંગતતા જણાતા મોટાભાગના દુકાનદારોએ નોટીસ સ્વીકારવાની ના પાડી દેતા તંત્ર દ્વારા તેઓની દુકાનો પર નોટિસ ચોટાડવામાં આવી હતી. ત્યારબાદ તે વેપારીઓ આ બાબતે કલેક્ટરને રજૂઆત કરવા ગયા હતા. જ્યાં કલેક્ટરે તેઓને વૈકલ્પિક વ્યવસ્થા કરી આપવાની હૈયા ધારણ આપી હતી. પરંતુ દબાણ તોડવાના મુદ્દે તેઓ મક્કમ રહ્યા હતા. ત્યારબાદ વેપારીઓ દ્વારા મીટીંગોનો દોર શરૂ થઈ ગયાનું જાણવા મળ્યું છે. તેમ છતાં કોઈ ચોક્કસ નિષ્કર્ષ પર ન આવતા વેપારીઓમાં દિશાહિનતા તેમજ નિરાશા જોવા મળી રહી છે. અને ગઈકાલથી તો સ્ટેશન રોડના વેપારીઓ પોતાની દુકાનમાંથી સામાન ખાલી કરી અન્યત્ર ખસેડતા જોવા મળ્યા છે. તેવા સમયે કાલે કોનો વારો આવશે? તે યક્ષ પ્રશ્ન દાહોદના વેપારીઓને રાત દિવસ સતાવી રહ્યો છે. ત્યારે સ્થાનિક રાજકીય આકાઓ પણ આ મુદ્દે હાથ ઊંચા કરી દૂર ભાગતા જોવા મળી રહ્યા છે.

## ધાનપુર તાલુકાના ગાંગરડી ફળિયાની ખડદા (ઉંચી ચાછડ) જંગલ વિસ્તારમાંથી ૧૪ વર્ષીય સગીરાનો મૃતદેહ મળી આવતા ચકચાર



દાહોદ,

દાહોદ જીલ્લાના ધાનપુર તાલુકાના ગાંગડી ફળિયાની ખડદાના (ઉચી ચાછડ) જંગલ વિસ્તાર માંથી એક ૧૪ વર્ષીય સગીરાનો મૃતદેહ એક ઝાડ સાથે ટંગાયેલ અને કોહવાઈ ગયેલ હાલતમાં મળી આવતા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ત્યારે આ સંબંધે મૃતક સગીરાના પિતા દ્વારા દાહોદ જીલ્લા પોલીસ વડાને લેખિત રજૂઆત કરી પોતાની દીકરીને લગ્નની લાલચ આપી ભગાડી જનાર યુવક તથા તેના પરિવારજનોએ મારી નાખી ઝાડ પર લટકાવી દીધાના આક્ષેપો સાથે જીલ્લા પોલીસવડા સમક્ષ ન્યાયની માંગણી કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

ધાનપુર તાલુકાના ગાંગરડી ફળિયા, મીનામા ફળિયા વિસ્તાર ખાતે રહેતા મેડા મંગળસિંહ મનસુખભાઈની ૧૪ વર્ષીય દીકરી રીંકુબેનનો મૃતદેહ ધાનપુર તાલુકાના ગાંગડી ફળિયાની ખડદાના (ઉચી ચાછડ) જંગલ વિસ્તારમાંથી એક ઝાડ પર લટકેલી હાલતમાં અને કોહવાઈ ગયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. ધાનપુર પોલીસે મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે નજીકના દવાખાને મોકલી આપ્યો હતો. ત્યારે મૃતક સગીરાના પરિવારજનોમાં ભારે આક્રોશ વ્યાપ્યો હતો અને આ મામલે સગીરાના પિતા મેડા મંગળસિંહ મનસુખભાઈ દ્વારા દાહોદ જીલ્લા પોલીસ વડાને કરવામાં આવેલ લેખિત રજૂઆતમાં જણાવ્યા અનુસાર, ધાનપુર તાલુકાના આંબાકાચ ગામે રહેતો જેનુલભાઈ રતનાભાઇ મોહણીયાએ મૃતક રીંકુબેનને ગત તારીખ ૪ એપ્રિલ ૨૦૨૩ના રોજ લગ્નની લાલચે, પત્ની તરીકે રાખવા રીંકુબેનનું અપહરણ કરી લઈ નાસી ગયો હતો અને ચંદ્રાભાઈ, હિમરાજભાઈ અને વલીયાભાઈ મકનાભાઈનાઓએ સગીરાને ભગાડવામાં જેનુલભાઈને મદદગારી કરી કરી હોવાના આક્ષેપો સગીરાના પિતા દ્વારા કરવામાં આવ્યા છે. આ મામલે સગીરાના પિતા દ્વારા ધાનપુર પોલીસ મથકે જે તે સમયે ફરિયાદ પણ નોંધાવી હતી. ત્યારે ધાનપુર પોલીસે યુવક વિરૂદ્ધ કોઈ કાર્યવાહી ન કરી તેને છોડી મૂક્યો હોવાનો સગીરના પિતાએ આક્ષેપો કર્યા હતા. ત્યારે બે દિવસ પૂર્વે એટલે કે તારીખ ૭ મેના રોજ રીંકુબેનનો મૃતદેહ ધાનપુર તાલુકાના ગાંગડી ફળિયાની ખડદાના (ઉચી ચાછડ) જંગલ વિસ્તાર માંથી એક ઝાડ પર લટકેલી હાલતમાં અને કોહવાઈ ગયેલ હાલતમાં મૃતદેહ મળી આવ્યો હતો. મૃતક સગીરાના પિતાએ આક્ષેપો કર્યા હતા કે, અપહરણ કરનાર ઉપરોક્ત યુવક તથા તેના સાગરીતોએ પોતાની દીકરીને મારી નાખી અને ઝાડ પર લટકાવી દીધેલ છે, મારી દીકરી ઉપરોક્ત યુવક સાથે ભાગી ગઈ હતી. ત્યારે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવી હતી, પરંતુ પોલીસ દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન કરી મારી દીકરીને ભગાડી જનાર યુવકને છોડી મૂક્યો હતો, રીન્કુની લાશ જે સ્થળેથી મળી આવેલ છે, તે સ્થળે થોડે દૂર ઊંધો ખાડો ખોદવામાં આવેલ છે, લાશની આજુબાજુથી દારૂની બોટલો, બીડી અને એક પાવર બેંક પણ મળી આવેલ હતા. રીન્કુની લાશના પુરાવાનો નાશ કરવા માટે ખાડો ખોદવામાં આવ્યો હતો. મૃતક સગીરા રીંકુબેન સાથે ગેંગરેપ થયા હોવાના આક્ષેપો પણ તેના પિતા દ્વારા કરવામાં આવ્યા છે. ત્યારે સમગ્ર મામલે ઉપરોક્ત યુવક તથા તેના પરિવારજનો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને સજા કરવામાં આવે તેવી સગીરાના પિતાએ માંગ કરી હતી અને જો પોતાને ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ગાંધીજીના માર્ગે જવાની ચીમકી પણ દાહોદ જીલ્લા પોલીસવડાને આપવામાં આવેલ અરજીમાં જણાવ્યું છે.

## દાહોદ જીલ્લામાં અલગ-અલગ સ્થળે તળાવ અને કુવામાં ડુબી જતાં બેના મોત

દાહોદ,

દાહોદ જીલ્લામાં જુદી જુદી જગ્યાએ જુદા જુદા સમયે કુવા, તળાવમાં ડુબી જવાના બનેલા બે બનાવમાં ૧૩ વર્ષય કિશોર સહિત બે જણાના અકાળે મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ જીલ્લામાં કુવા તળાવના પાણીમાં ડુબી જવાના બનેલા બે બનાવો પૈકીનો એક બનાવ ગરબાડા તાલુકાના પાટીયા ઝોલ ગામે બનવા પામ્યો હતો. જેમાં પાટીયાઝોલ ગામના ખેડા ફળિયામાં રહેતા કેળાબેન ખીમચંદભાઈ મેડા તેમની બે દીકરીઓ તથા તેમનો નાનો છોકરો ગોવાળાની વાડીમાં શાકભાજીની રખેવાળી તેમજ ગવારસીંગ તોડવા માટે ગયા હતા. તે દરમ્યાન કેળાબેનનો નાનો છોકરો ૧૩ વર્ષીય સુનીલ કુવાની બાજુમાંથી પસાર થઈ રહ્યો હતો. તે દરમ્યાન તેનો પગ લપસતા તે નજીકના તાળા વગરના કુવામાં પડી ગયો હતો. તે જોઈ તેની માતા કેળાબેન મેડાએ બુમાબુમ કરી મૂકી હતી. જે બુમાબુમ સાંભળી આસપાસમાં રહેતા લોકો દોડી આવ્યા હતા અને સુનીલને કુવાના ઉંડા પાણીમાંથી બહાર કાઢવાની કામગીરીમાં જોતરાયા હતા, પરંતુ સુનીલ કુવા માંથી ન ણવતાં સ્થાનિક લોકો દ્વારા પોલીસને તથા દાહોદ ફાયર સ્ટેશનને જાણ કરતાં પોલીસે તેમજ દાહોદ ફાયરબ્રીગેડના લાશ્કરો ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરીમાં જોતરાઈ ત્રણ કલારની જહેમત બાદ સુનીલનો મૃતદેહ કુવામાંથી બહાર કાઢ્યો હતો. ગરબાડા પોલીસે મૃત્તક સુનીલની લાશનો કબજો લઈ લાશનું પંચો રૂબરૂ પંચનામું કરી લાશને પોસ્ટમોર્ટમ માટે ગરબાડા સરકારી દવાખાને મોકલી આપી આ સંદર્ભે સી.આર.પી.લી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે જીલ્લામાં અકસ્માત મોતનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના રામપુરા ગામે બનવા પામ્યો હતો. જેમાં ઝાલોદ તાલુકાના ઘેસવા ગામના તળાવ ફળિયામાં રહેતા ૨૭ વર્ષીય પ્રકાશભાઈ માનસીંગભાઈ કટારા રામપુરા ગામે પોતાની સાસરીમાં ગયો હતો અને પરમ દિવસ તા.૭-૫-૨૦૨૩ના રોજ પોતાની સાસરીમાં આવેલ નદીએ સાંજના પાંચેક વાગ્યાના સુમારે ન્હાવા ગયા હતા અને નદીમાં ન્હાતા ન્હાતા ઉંડા પાણીમાં પહોંચી જતાં ઉંડા પાણીમાં ડુબી જતાં તેનું મોત નિપજ્યું હતું. જેની લાશ ગઈકાલે બુપોરના સમયે નદીના પાણીમાંથી મળી આવતાં ઘટવા સ્થવે દોડી આવેલ ચાકલીયા પોલીસે મરણ જનાર પ્રકાશભાઈ માનસીંગભાઈ કટારાની લાશનો કબજો લઈ પંચો રૂબરૂ પંચનામું કરી પોસ્ટમોર્ટમ માસે લાશને ઝાલોદ સરકારી દવાખાને મોકલી આપી સંજયભાઈ માનસીંગભાઈ કટારાએ આપેલ જાહેરાતના પગલે સી.આર.પી.સી. ૧૭૪ મુજબ અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ પોલીસ પરેડ ગ્રાઉન્ડ જાહેર જનતાના હિત માટે ખુલ્લું મુકતા IG અને SP



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં આજ રોજ તારીખ ૦૯-૦૫-૨૦૨૨ મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ વાગે પંચમહાલ ગોધરા રેન્જ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયા અને એસ.પી બલરામ મીણા દ્વારા નગરના પોલીસ પરેડ ગ્રાઉંડને જાહેર જનતાના હિત માટે નગરના અગ્રણીઓ તેમજ પોલીસ સ્ટાફની વચ્ચે ખુલું મુકવામાં આવ્યું હતું.

એસ.પી. બલરામમીણાએ આ પ્રસંગે કહ્યું કે આ પોલીસ પરેડ ગ્રાઉંડ ખૂબ નજીવી કીંમતે લોકહિત તેમજ લોકો માટે ખુલું મુકવામાં આવ્યું હતું. આ પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં લગ્ન, ધાર્મિક કે સામાજીક પ્રોગ્રામો માટે નજીવી કીંમતે ગ્રાઉંડના નિભાવ ખર્ચ માટે લેવામાં આવનાર છે. તેમજ આ પોલીસ પરેડ ગ્રાઉન્ડ પોલીસ સ્ટેશનની બિલકુલ સામે હોવાથી સુરક્ષા પણ મળી રહેશે. આ પોલીસ પરેડ ગ્રાઉન્ડનો ઉપયોગ સવાર તેમજ સાંજે રોજ ફરવા નીકળનાર લોકો પણ કરી શકે છે.

આઇ.જી ચિરાગ કરોડિયા અને એસ.પી બલરામ મીણા દ્વારા ઉપસ્થિત લોકોને નગરમાં કોઈ જાહેર સમસ્યા હોય તો તે કહેવા જણાવ્યું હતું. ત્યારે ઉપસ્થિત લોકો દ્વારા ટ્રાફિક સમસ્યા તેમજ નગરનો અમુક વર્ગ ડ્રગ્સ, અફીણના બંધાણી બનેલ છે તો આવા વર્ગને બચાવવા આ અંગે પગલા લેવા જોઈએ તેમજ આ ગેરકાયદેસર મળતો ડ્રગ્સ કે અફીણ કયાથી આવે છે તે અંગે આવા માફિયાઓ પર બાજ નજર રાખી એવા લોકોને પકડવા માટે લોકોએ માંગ કરેલ હતી. આગામી સમયમાં નગરમાં નીકળનાર રથયાત્રાની સુરક્ષાની તૈયારીના ભાગ રૂપે સી.સી.ટી.વી કેમેરા નગરમાં વધારવા પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ દરેક સમસ્યાઓનુ સમાધાન પોલીસ દ્વારા લાવવામાં આવશે તેવી બાયધરી આઇ.જી કોરડીયા તેમજ એસ.પી બલરામ મીણા દ્વારા આપવામાં આવી હતી. તેમજ ઉપસ્થિત સહુ લોકો પોલીસ સ્ટાફના કહેવાથી આવવા બદલ સહુનો આભાર પણ એસ.પી બલરામ મીણા દ્વારા માનવામાં આવ્યો હતો.

આઇ.જી કોરડિયા, એસ.પી મીણા, ડી.વાય.એસ.પી પટેલ, પી.એસ.આઇ.રાઠવા તેમજ ઉપસ્થિત નગરજનો દ્વારા પોલીસ પરેડ ગ્રાઉંડની અંદર પ્રાકૃતિક રીતે શોભા વધારવા વૃક્ષા રોપણનો પ્રોગ્રામ પણ ઝાલોદ પોલીસ દ્વારા યોજવામાં આવ્યો હતો. જેથી આવનાર દિવસોમાં આ વૃક્ષ પોલીસ પરેડ ગ્રાઉન્ડની શોભા વધારે તેમજ અહીં આવનાર લોકોને કુદરતી વાતાવરણનો અહેસાસ થાય તે રીતનું સુંદર આયોજન ઝાલોદ પોલીસ દ્વારા કરવામાં આવ્યું હતું.

## દાહોદ જીલ્લા શિક્ષણાધિકારીના લાંચ કાંડમાં કોર્ટમાં રજુ કરતાં બે દિવસના રિમાન્ડ

દાહોદ,

દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખ રૂા. ૧ લાખની લાંચ લેતાં ગોધરા એ.સી.બી. પોલીસના હાથે રંગે હાથ ઝડપાઈ ગયાં બાદ આજરોજ તેઓને દાહોદની કોર્ટમાં રજુ કરતાં કોર્ટ દ્વારા તેઓના બે દિવસના રિમાન્ડ મંજુર કર્યાનું જાણવા મળે છે.

દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી મયુર પારેખ દ્વારા એક શિક્ષકના બદલીના કાગળો કરી આપવા માટે શિક્ષક પાસેથી રૂા. ૧ લાખની લાંચ લેતાં ગોધરા એ.સી.બી. પોલીસના હાથે રંગેહાથ ઝડપાઈ જતાં સમગ્ર દાહોદ જીલ્લા શિક્ષણ આલમમાં ચકચાર મચી જવા પામી હતી. ત્યારે એ.સી.બી. પોલીસે મયુર પારેખના ગોધરા ખાતેના બે રહેણાંક મકાન, તેઓની મેડીકલ સ્ટોર્સ સહિત અન્ય સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધર્યુ હતું, પરંતુ કોઈ શંકાસ્પદ ચીજવસ્તુ મળી આવી ન હતી ત્યારે આજરોજ મયુર પારેખને દાહોદની કોર્ટમાં હાજર કરવામાં આવ્યાં હતા. જેમાં પોલીસ દ્વારા પાંચ દિવસના રિમાન્ડની માંગ કરી હતી પરંતુ કોર્ટ દ્વારા બે દિવસના રિમાન્ડ મંજુર કર્યા હતાં. દાહોદ જીલ્લા શિક્ષણાધિકારી રૂા. ૧ લાખની લાંચ લેતાં ઝડપાઈ જવાના બનાવ બાદ દાહોદ જીલ્લાના શિક્ષણ આલમમાં સ્તબ્ધતા મચી જવા પામી છે. શિક્ષણ જગતમાં અનેક ચર્ચાઓએ પણ ભારે જોર પકડ્યું છે. દાહોદ જીલ્લાનું શિક્ષણ આમેય દિન પ્રતિદિન કથળી રહ્યું છે, તેની પાછળ મુખ્ય કારણે ક્યાંકને ક્યાંક લાંચીયા અધિકારીઓના કારણે શિક્ષણ મામલે દાહોદ જીલ્લો હાલ પણ પાછળ રહેતું આવ્યું છે. ત્યારે દાહોદ જીલ્લા શિક્ષણાધિકારીની ખુરશી પર હવે કોઈ પરિપક્વ અધિકારીને ખુરશી સોંપવામાં આવે તેવી લાગણી અને માંગણી જીલ્લાવાસીઓમાં ઉઠવા પામી છે.

## દે.બારીયાની લગ્ન સીઝનમાં કાર શણગારનો ધંધો ફૂલ્યો ફાલ્યો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેરના કાર શણગાર કરનારાઓની હાલમાં ચાંદી છે. કારણ પંથકમાં લગ્નના શુભ મૂહર્ત દરેક ગામ શરણાઈઓ સાથે ડી.જે. ઉપર ટીમલી સાથે નાચ ગાન રાત્રીમાં ૧૦ વાગ્યાના સમય મર્યાદાના બાદ પણ ધ્વનિ પ્રદુષણ ખુલે આમ દેખવા મળી રહ્યો છે. દે.બારીયા શહેરના બજારમાં વાસણો સાથે ફ્રીઝ, કુલર, ફર્નિચરમાં પેટી પલંગ તિજોરી, લેડીઝ હોઝીયર તથા ઘરેણાના વેપારીઓ દુકાનો ઉપર ભીડ ખાસ્સી જોવા મળી રહી છે. આના ઉપરથી લાગે છે કે, ગામડાઓમાં પણ દહેજનો દુષણ પગપેસારો કરી લીધો છે.

પ્રાપ્ત માહિતી મુજબ વરરાજાઓ જાન લઈને બીજા ગામે જાય છે. તે કારને પુરી શણગાર કરવાનો રીવાજ પડી ગયો છે. તે પણ અસલ ગુલાબની પુષ્પ ગુચ્છની જયારે નકલી કુલોનો પણ કાર શણગાર થાય છે. અસલી કુલનો કાર શણગારનો રેટ રૂા.૩,૦૦૦/- જયારે નકલી કુલનો શણગાર ૧,૦૦૦/- થી ૧,૨૦૦/-રૂપીયા સુધીનો હોય છે. તેમજ હાલના વર્ષે નામવાળી ચુંદડીનો ક્રેસ વધ્યો જોવા મળ્યો છે. તેમાં વર અને કન્યાના ચુંદડી ઉપર ભરત કરેલા નામ હોય છે. તેના રેટ જાણવા મળેલ નથી. હજાર-બાર સોની લગભગ હશે. આમ, આગલા દોઢ થી બે માસ લગ્નની સીઝન સુધી કારના શણગારનારા પણ નવરા નહીં મળે તેમ કહેવામાં ખોટું નથી.



સંજેલી તાલુકામાં ઠાકોર ફળિયામાં વનબંધુ કલ્યાણ યોજના ન્યુ ગુજરાત પટ્રન હેઠળ ટ્રાયબલ સબ પ્લાન દાહોદના સહયોગથી સને ૨૦૨૨-૨૩ અમલીકરણ અધિકારી આચાર્ય આઈ.ટી.આઈ. દાહોદ અને ઉન્નતિ લોકસેવા ચેરીટેબલ ટ્રસ્ટ કેવડીયા કોલોની સંચાલિત દાહોદ જીલ્લાના સંજેલી તાલુકામાં મહિલા બ્યુટી પાર્લર તાલીમ વર્ગનું ઉદઘઘાટન સંજેલી તાલુકામાં આવેલ શ્રદ્ધા વિદ્યાલયના આચાર્ય અને ન્યુ પાર્થ એકલવ્ય-નવોદય તાલીમ વર્ગ સંજેલીના સંચાલક દિલીપકુમાર એચ. મકવાણાના હસ્તે દિપ પ્રાગટ્ય કરીને ખુલ્લો મુકવામાં આવ્યો. જેમાં આજુબાજુના ગામોમાંથી બ્યુટી પાર્લર તાલીમ મેળવનાર બહેનો ઉપસ્થિત રહી હતી અને આજના યુગમાં બ્યુટી પાર્લર વિશેની સમજ આપવામાં આવી હતી.

## સંજેલી એ.પી.એમ.સી.સિલેશકન બોર્ડની મુદ્દત પુરી થતાં ચુંટણી નહિ યોજાતા આશ્ચર્ય

સંજેલી,

સંજેલી ખાતે આવેલી માર્કેટયાર્ડમાં છેલ્લા પાંચ વર્ષથી ઝાલોદમાંથી વિભાજન થયા બાદ સિલેકશન બોડીની નિમણુંક કરવામાં આવી હતી. ત્યારબાદ મુકત પુર્ણ થઈ એક વર્ષ વિતી ગયો છતાં પણ ચુંટણી ન યોજાતા અનેક તર્કવિતર્કો સર્જાયા છે. આ માટે વેપારી અને ખેડુત મિત્રોએ ચુંટણી યોજવા જિલ્લા રજીસ્ટારને લેખિત રજુઆત કરાતા ખળભળાટ મચી જવા પામ્યો છે. સંજેલી તાલુકા મથકે આવેલી એપીએમસી ઝાલોદમાંથી વર્ષ-૨૦૧૭માં વિભાજન થતાં જ ૨૫ જુલાઈના રોજ સભાપતિ અને ઉપસભાપતિની સિલેકશન બોડીની નિમણુંક કરવામાં આવી હતી. જેની બે વર્ષની મુદ્દત છતાં પણ ચાર વર્ષ સુધી કાર્યરત રાખવામાં આવી હતી. અને ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ બોડી બરખાસ્ત કરી વહીવટદારની નિમણુંક કરી દેવામાં આવી હતી. જેનો ૧૫ માસ જેટલો સમય અને વિભાજનને પાંચ વર્ષ જેટલો સમય થઈ ગયો છતાં પણ સંજેલી એપીએમસી માર્કેટયાર્ડમાં ચુંટણી ન યોજાતા અનેક તર્કવિતર્કો સર્જાયા છે. પાંચ એકર ઉપરાંતમાં વિસ્તારમાં ૬૧ ગોડાઉન અને ૩૭ શોપિંગ સેન્ટર ધરાવતી એપીએમસી ૮૦૫૭૨ કિ.ડાંગર અને ૭૬૧૬૦ કિ.ઘઉંની આવક ધરાવે છે. અને વાંસીયા, સંજેલી, માંડ્લી, લવારા, હિરોલા, કરંબા મંડળી, ધરાવતી એપીએમસીમાં તાત્કાલિક ચુંટણી યોજવા માટે વેપારી ખેડુત તેમજ પુર્વ ચેરમેન દ્વારા જિલ્લા રજીસ્ટરને લેખિત રજુઆત કરવામાં આવી છે.

## ગરબાડાના દેવધા ગામે ફોર વ્હીલ પલ્ટી જતાં મહિલા સરપંચના પુત્રનું મોત



દાહોદ,

દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના દેવધા ગામે રાત્રિ દરમિયાન ફોરવીલ ગાડી પલટી મારતા મહિલા સરપંચના જુવાનધોધ પુત્રનું ઘટના સ્થળે મોત નીપજ્યું હોવાનું સામે આવ્યું છે. જેમાં બોરીયાળાથી બાવકા તરફ જતા રસ્તામાં દેવધા ગામે અકસ્માત સર્જાયો હતો. જોકે, ગામના સરપંચના જુવાનધોધ પુત્રના મોતના પગલે ગામમાં માતમ છવાઈ જવા પામ્યો છે.

ગરબાડા તાલુકાના બાવકા મહિલા સરપંચ લીલાબેન ભરતભાઈ પસાયાના જુવાનધોધ પુત્ર યોગેશ પોતાની કબજાની ગાડી લઈ દેવધા ગામેથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે યોગેશભાઈએ સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવતા સ્વીફ્ટ ડિઝાયર ગાડી પલ્ટી મારી રોડની સાઈડમાં ઉતરી જતા સર્જાયેલા અકસ્માતમાં યોગેશભાઈને શરીરે જીવલેન ઈજાઓ પહોંચતા યોગેશભાઈનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. આ બનાવની જાણ તેમના પરિવારજનો તેમજ ગ્રામજનોને થતા તેઓ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. તે સમયે ઘટના સ્થળે આવેલી ગરબાડા પોલીસે યોગેશભાઈના મૃતદેહને ગરબાડા સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે પીએમ અર્થે મોકલી આગળની તપાસ હાથ ધરી છે. ત્યારે બાવકા મહિલા સરપંચ લીલબેન પસાયાના જુવાનધોધ પુત્રના મોતના પગલે ગામમાં માતમ છવાઈ જવા પામ્યો છે.

## દે.બારીઆ તાલુકાના કાંટુ ચોકડી પાસે બોલેરો ગાડીએ બાઈકને ટકકર મારતાં બાઈક ચાલકનું મોત

દાહોદ,

દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના વાવ લવારીયા ગામે કાંટુ ચોકડી નજીક રોડ પર સાંજના સમયે પુરપાટ દોડી આવતી બોલેરો ગાડી રોંગ સાઈડમાં ઘુસી જઈ મોટર સાયકલને ટક્કર મારી નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ ચાલકને ગંભીર ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ મોત નિપજ્યાનું જાણવા મળ્યું છે.

સફેદ કલરની બોલેરો ગાડીનો ચાલક તેના કબજાની જીજે-૧૭ બી.એચ-૧૨૩૮ નંબરની સફેદ કલરની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લઈ આવી ગત સાંજે છ વાગ્યાના સુમારે દેવગઢ બારીઆ તાલુકાના લાવલવારીયા ગામે કાંટુ ચોકડી નજીક રોડ પર રોંગ સાઈડમાં ઘુસી જઈ સામેથી આવતી જીજે-૨૦ બી.સી. ૫૫૧૨ નંબરની મોટર સાયકલને જોશભેર ટક્કર મારી પોતાની બોલેરો ગાડી લઈ નાસી જતાં સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં મોટર સાયકલ પરથી ફંગોળાયેલ લવારીયા ગામના નિશાળ ફળિયાના રાજુભાઈ નવલસીંગભાઈ બારીયા રોડ પર પટકાતાં તેને માથામાં તેમજ શરીરે ગંભીર જીવલેણ ઈજાઓ થતાં તેનું સ્થળ પર જ અરેરાટી ભર્યુ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ સાગટાળા પોલીસે ઘટના સ્થળે દોડી આવી હતી અને મરણજનાર ૩૦ વર્ષીય રાજુભાઈ નવલસીંગભાઈ બારીયાની લાશનું પંચો રૂબરૂ પંચનામુ કરી પોસ્ટમોર્ટમ માટે લાશને દેવગઢ બારીઆ સરકારી દવાખાને મોકલી આપી મરણજનાર રાજુભાઈ બારીયાના પિતા નવલસીંગભાઈ સોનાભાઈ બારીયાએ નોંધાવેલ ફરિયાદને આધારે સાગટાળા પોલીસે સફેદ કલરની બોલેરો ગાડીનો ચાલક વિરૂદ્ધ ફેટલનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.220

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# ઘોઘંબાના અંતરિયાળ વિસ્તારના ખેડૂતો માટે બનાવવામાં આવેલ સિંચાઈ યોજના શોભાના ગાંઠિયા સમાન





તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં આવેલા ગોયાસુંડલ, કાંટાવેડા, ભોજપુર સહિતના પાંચ થી છ ગામોમાં સિંચાઈ સુવિધા માટે બનાવવામાં આવેલી કેનાલ આજે શોભાના ગાંઠિયા સમાન બની છે. તરવારીયા ડેમ માં પાણી, ખેતરમાં કેનાલ અને ખેડૂતો પાસે પોતાની જમીન હોવા છતાં અહીં સિંચાઈ માટે પાણી નહિ મળતા સ્થાનિકોને મજબુર વશ થઈ રોજગારી માટે સ્થળાંતર કરવું પડે છે. અહીંના ત્રણ ગામ ના ખેડૂતોના દાવા મુજબ કેનાલ નિર્માણ બાદ માંડ બે કે ત્રણ વર્ષ પ્રારંભિક તબક્કામાં કેનાલમાં પાણી આવ્યું હતું. જેનાબાદ આજે ૨૦ વર્ષ થયાં પાણીનું ટીપું કેનાલમાં આવ્યું નથી અને જાળવણીના અભાવે કેનાલ તદ્દન જર્જરિત બની ગઈ છે, જેથી સરકાર ના સંલગ્ન વિભાગના જવાબદારો કેનાલની યોગ્ય મરામત કરી અથવા નવીનીકરણ કરી સિંચાઈ સુવિધા પૂરી પાડે તો ઘર આંગણે સ્થાનિકો ખેતી અને પશુપાલનનો વ્યવસાય કરી શકે એમ છે.

ઘોઘંબા તાલુકાના તરવારીયા ખાતે આવેલા ડેમ માંથી ગોયાસુંડલ, કાંટાવેડા, ગુણેશિયા અને ભોજપુરા મળી કુલ પાંચ થી છ ગામમાં સિંચાઈ સુવિધા પુરી પાડવા સરકાર દ્વારા એક યોજના અમલમાં મુકવામાં આવી હતી. આ યોજના થકી ખેતરમાં સિંચાઈ માટે પાણી મળવાની આશાથી ખેડૂતો હરખાઈ ગયા હતા. માત્ર ચોમાસા ની ખેતી આધારીત જીવન નિર્વાહ ચલાવતાં ખેડૂતોએ શિયાળા અને ઉનાળામાં પણ ખેતી થઈ શકશે એવા ભાવ સાથે હોંશે હોંશે પોતાની મહામૂલી જમીન માંથી કેનાલ બનાવવા જમીન પણ આપી દીધી હતી. અંદાજીત ૨૦ વર્ષ અગાઉ સરકાર દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચ કરી અંદાજીત ૪૦૦ હેકટર જમીનને સિંચાઈનું પાણી ખેતરોમાં પહોંચાડવા માટે અંદાજીત આઠ કિલોમીટર લાંબી કેનાલ બનાવવામાં આવી હતી. પ્રારંભિક તબક્કામાં આ કેનાલ મારફતે ખેડુતોને સિંચાઈ પાણી મળતાં જ ખુશ થઈ ગયા હતા, પરંતુ ખેડૂતોની આ ખુશી માંડ બે કે ત્રણ વર્ષ બાદ જાણે દિવા સ્વપન સમી સાબિત થઈ અને આજદિન સુધી એજ સ્થિતિમાં રહી છે, સ્થાનિક ખેડૂતોના કહેવા મુજબ ૨૦ વર્ષ માં માંડ એક કે બે વાર પાણી આવ્યું છે. જેના બાદ કેનાલમાં આજદિન સુધી પાણી આવ્યું નથી. જેના કારણે અહીંના ખેડૂતો પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે રાજ્યના અલગ અલગ શહેરોમાં રોજગારી માટે જતા હોય છે.

તરવારીયા ડેમ આધારિત સિંચાઈ કેનાલ હાલ તદ્દન જર્જરિત હાલતમાં ફેરવાઈ ગઈ છે. અહીંના ખેડૂતોના જણાવ્યા મુજબ સમયાંતરે કરવામાં આવતું સમારકામ ગુણવત્તા સભર નહીં હોવાના કારણે આ સ્થિતિનું નિર્માણ થયું છે. ગોયાસુંડલના ખેડૂતોના આક્ષેપ મુજબ તેઓના ગામ પાસે કોતર માં પાઈપલાઈન બનાવવામાં આવી છે. જેમાંથી કેનાલનું પાણી લીકેજ થઈ નિરર્થક કોતરમાં વહી રહ્યું છે. જેથી અહીં કેનાલના એક કુવા માંથી બીજા કૂવામાં પાણી પહોંચી શકતું નથી અને જેથી આગળના ભાગમાં આવેલા ત્રણ થી ચાર ગામમાં કેનાલમાં પાણી પહોંચી શકતું નથી. ખેડૂતોની માંગ છે કે અહીં કોતરમાં બંને કુવાનું જોડાણ ઓવરહેડ બનાવવામાં આવે અને જર્જરિત કેનાલનું યોગ્ય સમારકામ કરવામાં આવે, જોકે આ સિંચાઈ યોજના મારફતે છેવાડાના ખેડૂતો સુધી પાણી મળી રહે એ માટે સરકાર દ્વારા કેનાલ નવીનીકરણ સહિતની કામગીરી બાબતે સરવે કરવામાં આવ્યું હોવાનું પણ જાણવા મળ્યું હતું.

ત્યારે હવે જોવું રહ્યું કે, સરકારના લાખ્ખો રૂપિયા ખર્ચ કર્યા બાદ હાલ તળાવે ઉભા હોવા છતાં તરસ્યા જેવી દયનિય સ્થિતિમાં જીવન વ્યતીત કરી રહેલા ખેડૂતોને ક્યારે સિંચાઈ પાણીની સુવિધા ઉપલબ્ધ થશે.

## ૨૦૧૨માં પીપલારા દુધ ઉત્પાદક મંડળીના ઓડીટર ૨૫૦૦ની લાંચમાં એસીબીમાં પકડાયેલ કેસ કોર્ટમાં ચાલી જતાં ૩ વર્ષની કેદનો હુકમ કરતી કોર્ટ

ગોધરા, ડીસેમ્બર-૨૦૧૨ ના અરસામાં પીપલારા ગામની ધી પીપલારા દુધ ઉત્પાદક સહકારી મંડળીનું વાર્ષિક ઓડીટ સ્પેશ્યલ ઓડીટર મીલ્ક ઓડીટ, ગોધરા તરફથી થતુ હોય આ દુધ ઉત્પાદક મંડળીના વર્ષ ૨૦૧૨ના ઓડીટ માટે આરોપી નાગજીભાઈ વાઘાભાઈ ડામોર, સબ ઓડીટર કાલોલ- ૨ રહે. ૬/ધી સત્યમ કો.ઓ.હાઉસિંગ સોસાયટી મધુર દાળ મીલ પાછળ, બામરોલી રોડ, વાવડી, ગોધરા મુળ રહે. ભાણાસીમલ તા. સંતરામપુરનાઓએ તા. ૫/૧૧/૨૦૧૨ના રોજ ગયેલ અને ફરીયાદી મહેશભાઈ શીવજીભાઈ કે જેઓ ધી પીપરાલા દુધ ઉત્પાદક સહકારી મંડળીના સેક્રેટરીનો હોદ્દો ધરાવતા હતા. તેઓની દુધ મંડળીનું રેકર્ડ દેખી ફરીયાદી ને આરોપીએ કહેલ કે તમારી મંડળી બંધ હાલતમાં છે, જેથી સરકારી રેકર્ડમાં ચાલુ રાખવા માટે અને તમામ ઉપર કેસ ન થાય તે માટે મંડળી ચાલુ હાલતમાં બતાવવી પડશે જો બંધ બતાવવામાં આવશે તો તમારા ઉપર કેસ થશે. જેથી ફરીયાદીએ આરોપીએ કહેલ કે આવુ ન બને તેવુ કરી આપો તો આરોપીએ ફરીયાદીને કહ્યુ કે મારો વ્હા-પાણીનો વ્યવહાર કરવો પડશે તો ફરીયાદીએ કહ્યુ કે કેટલા પૈસા થશે? તો તેમણે કહેલ કે રૂા.૩૦૦૦/- થશે તો ફરીયાદીએ કહ્યુ કે હાલમાં મારી પાસે રૂા. ૫૦૦/- અત્યારે છે. ત્યારબાદ આરોપીએ જણાવેલ કે સારૂ આજે રૂા. ૫૦૦/- આપી દો બાકીના રૂા. ૨૫૦૦/- દિવાળી પછી મંડળીનો હિસાબ કરી સાથે લેતા આવજો તેમ કહીને જતાં રહયા હતા. ત્યારબાદ તા. ૨૯/૧૧/૨૦૨૨ના રોજ આરોપીએ પોતાના મોબાઈલ ફોનથી ફરીયાદીને સંપર્ક કરી જણાવેલ કે તમો મંડળીનો હિસાબો અને વ્યવહાર લઈને કેમ આવ્યા નહી ? તો ફરીયાદીએ જણાવેલ કે પૈસાની સગવડ થયેલ નથી પણ સગવડ કરી એકાદ દિવસ પછી આપી જઈશ તેમ જણાવેલ. ત્યારબાદ તા. ૧/૧૨/૨૦૧૨ ના રોજ ફરીયાદીએ પોતાના મોબાઈલતી આરોપીને જણાવેલ કે આજે હું હિસાબો લઈને ગોધરા આવુ છું તો આરોપીએ જણાવેલ કે હું ઓફીસે હાજર છું તમે સેવા સદન ૨ માં આવીન મને મોબાઈલ ફોન કરજો તમારા હિસાબો સાથે મારા બાકીના વ્યવહારના રૂ.૨૫૦૦/- લેતા આવતા તેમ જણાવતા ફરીયાદીએ એ.સી.બી.પોલીસ સ્ટેશન,ગોધરાના રૂબરૂ ફરીયાદ આપેલી જે અન્વયે જે અન્વયે એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં એ.સી.બી.ની કાર્યવાહીની રજા આપી ફરીયાદીને સમજાવી જે મુજબની કાર્યવાહી કરવામાં આવી ફરીયાદીએ આરોપીને મોટા ફોન પર સંપર્ક કરીને જણાવેલ કે હું રોવા નું ભર ના કમ્પાઉન્ડમાં આવી ગયો છું તો સામેથી આરોપીએ જણાવેલ કે સારૂ તમો સેવા સદન-૨ ના દરવાજાથી અંદર આવો હું નીચે આવુ છું તેમ કહેતા ફરીયાદી તથા પંચો સાથે દરવાજાની અંદર પ્રવેશતા લોબીમાં આરોપી ઉભા રહેતા આરોપીએ ફરીયાદી સાથે હેતુલક્ષી વાત ચીત કરી ફરીયાદી પાસેથી રોજમેળનો ચોપડો લઈ જોઈ તેની ઝેરોક્ષ ફરીયાદી પાસે કરાવડાવી તે કાગળો આરોપીને આપતાં તેઓ સાથે સેવા સદનના ઉપરના માળ પર જવા પગથીયા ચઢતાં આરોપીએ ફરીયાદી પાસે નકકી કરેલા રૂા.૨૫૦૦/- ની લાંચ માંગતા ફરીયાદીએ પાસેથી આરોપીએ લાંચના રૂપિયા સ્વીકારી પોતાના પહેરેલ પેન્ટના ખીસ્સામાં મુકી દીધેલ અને ફરીયાદીએ ઈશારો કરતા આરોપી લાંચની રકમ સાથે પકડાય ગયેલ અને આરોપી નાગજીભાઈ વાઘાભાઈ ડામોર, સબ ઓડીટર કાલોલ-૨ રહે. ૬/ધી સત્યમ કો.ઓ.હાઉસિંગ સોસાયટી મધુર દાળ મીલ પાછળ, બામરોલી રોડ, વાવડી, ગોધરા મુળ રહે. ભાણાસીમલ. સંતરામપુરનાઓ સામે ગોધરા કે સીવી. પો.સ્ટે.માં ભ્રષ્ટાચાર નિવારણ અધિનીયમ ૧૯૮૮ ની કલમ ૭, ૧૩,(૧)(ઘ) તથા ૧૩(૨)મુજબ ગુન્હો નોંધી નામ.કોર્ટમાં ચાર્જશીટ રજુ કરેલ, જે કેસ નામ, સ્પેશયલ જજ(એ.સી.બી.) અને ચોથા એડીશનલ જજ ની કોર્ટમાં ચાલી જતાં ફરીયાદ પક્ષે સરકારી વકીલ આર.વાય.ત્રિપાઠીનાઓની સચોટ ધારદાર દલીલો ધ્યાને લઈ અને નામ. સ્પે, જજ(એ.સી.બી.) અને ચોથા એડી.જજ એ કેસમાં રજુ થયેલા પુરાવાઓ તથા સાહેદોની જુબાનીઓ તથા કેસના સંજોગો ધ્યાને લઈ આ કામના આરોપીને લાંચ રૂાંત અટકાયતની કલમ -૭ મુજબના શીક્ષાપાત્ર ગુન્હા અંગે ૩(ત્રણ) વર્ષ સખ્ત કેદની સજા અને ૫,૫૦૦૦/-નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬(છ) માસની સખ્ત કેદ અને લાંચ રૂશ્ચંત અટકાયતની કલમ-૧૩(૨) મુજબના શીક્ષાપાત્ર ગુન્હા અંગે ૩(ત્રણ) વર્ષ સખ્ત કેદની સજા ભોગવાનો હુકમ અને રૂા.૫૦૦૦/- નો દંડ અને દંડ ન ભરે તો વધુ ૬(છ) માસની સખ્ત કેદની સજા કરવાનો હુકમ ન કરવામાં આવેલ છે. પંચમહાલના મઢે પેજજાએ.સી.બી.) અને ચોથા ખેડી જજ એ લાંચરૂશવંત કેસમાં આરોપીને સજા ફરમાવતા લાંચીયા કર્મચારીઓમાં ફડફડાટ વ્યાપી જવા પામ્યો છે અને જાહેર જનતામાં ખુશીની લહેર વ્યાપી જવા પામેલ છે.

## કાલોલ ખાતે G-20 અંતર્ગત યુવા સંવાદ કાર્યક્રમ યોજાયો




ગોધરા, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના કુશળ વહીવટને પગલે દેશને G-20નું અધ્યક્ષસ્થાન મળ્યું છે. ત્યારે Y-20ના માધ્યમથી ગુજરાત તથા પંચમહાલ જીલ્લામાં વધુમાં વધુ યુવાનો દેશ હિત અને વિકાસ માટે જરૂરી પોતાના વિચારો રજૂ કરી શકે તે માટે ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની આગેવાનીમાં રાજ્યના ગૃહ મંત્રી અને રમત-ગમત મંત્રી હર્ષભાઈ સંઘવી, સ્ટેટ કન્વીનર કૌશલભાઈ દવે તેમજ ઝોન કન્વીનર હિમાંશુભાઈ પટેલના માર્ગદર્શન તથા સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડના સહયોગથી કાલોલ સ્થિત નવરચના ગુરૂકુળ સ્કૂલ ખાતે વિનોદભાઈ બ્રહ્મભટ્ટની અધ્યક્ષપદે કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં નરેન્દ્રસિંહ ગોહિલ દ્વારા યુવાઓ જોડે સંવાદ કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે સ્વામી વિવકાનંદ યુવક બોર્ડના જીલ્લા સંયોજક પ્રજ્ઞેશ પટેલ, નગર સયોજકો કૌશલભાઈ તેમજ હર્શિલભાઈ ઉપસ્થિત રહ્યા હતા. આ યુવા સંવાદમાં અદાજીત ૧૫૦થી વધુ યુવાનો જોડાયા હતા.

જીલ્લા સંયોજકએ માહિતી આપતા જણાવ્યું કે, અલગ અલગ પાંચ વિષયમાં (૧) કાર્યનું ભવિષ્યઃ ઉદ્યોગ ૪.૦, ઈનોવેશન અને ૨૧મી સદીની કુશળતા, (૨) આબોહવા પરિવર્તન અને આપત્તિ જોખમમાં ઘટાડો, સ્થિરતાને જીવનનો માર્ગ બનાવવો, (૩) વહેંચાયેલુ ભવિષ્યઃ લોકશાહી અને શાસનમાં યુવા, (૪) શાંતિ નિર્માણ અને સમાધાનઃ યુદ્ધ ન થવાના યુગની શરૂઆત અને (૫) આરોગ્ય સુખાકારી અને રમત ગમતઃ યુવાનો માટે કાર્યસૂચિ વિષયનો સમાવેશ કરાયો છે. જીલ્લાના યુવાનો મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવી દેશના વિકાસમાં પોતાના વિચારોનું યોગદાન આપે તેવો અનુરોધ કરવામાં આવ્યો છે.

## જાંબુઘોડાના લફણી ગામે ખેતરના વાવેતર કરવા બાબતે આરોપીએ મારમારી કરતા ફીરયાદ

જાંબુઘોડા, જાંબુઘોડા તાલુકાના લફણી ગામે આરોપી ઈસમોએ મસાણવાળું ખેતર અમારે વાવવાનું છે. તેમાં તમારો હક્ક નથી તેમ કહેતા ફરિયાદ આ જમીન મારી માતાને મામા એ આપેલ છે. તેમ કહેતા ઉશ્કેરાઈ જઈ આરોપીઓ મારમારી જાનથી મારી નાખવાની ધમકી આપતાં ફરિયાદ નોંધાવા પામી.

પ્રાપ્ત વિગતો મુજબ જાંબુઘોડા તાલુકાના લફણી ગામે રહેતા મુકેશભાઈ જીવનભાઈ બારીયા અને ગીતાબેન પોતાના ખેતરમાં હતા. તે વખતે આરોપીઓ મહેન્દ્રભાઈ વિઠ્ઠલભાઈ બારીયા, ઉમેશભાઈ મહેન્દ્રભાઈ બારીયા, નિરૂબેન મહેન્દ્ર બારીયા ખેતરમાં ગયા હતા અને મસાણવાળું ખેતર હવે અમારે વાવવાનું છે. તમારો હક્ક નથી. તેમ કહેતા ફરિયાદીએ આ જમીન છેલ્લા ૩૦ વર્ષથી વાવીએ છીએ. મારી માતાને મામા લક્ષ્મણભાઈએ આપેલ છે. તેમ કહેતા આરોપી ઉશ્કેરાઈ જઈ ગાળો આપી નાક ઉપર બચકું ભરી હુમલો કરતાં ગીતાબેન છોડાવવા પડતા ગડદાપાટુનો મારમારેલ બુમાબુમ કરતાં જીવનભાઈ તથા શિલ્પાબેન છોડાવવા આવેલ તેમને માથાના ભાગે લાકડી મારી જાનથી મારી નાખીશું તેવી ધમકી આપતાં આ બાબતે જાંબુઘોડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા તાલુકામાં નલ સે જલ યોજનાના કૌભાંડમાં તપાસ કરવા સાથે ધારાસભ્યના અંગત કાર્યકરોની સંપતિ તપાસ માટે તાલુકા પંચાયત વિરોધ પક્ષના નેતા દ્વારા લેખિત રજુઆત



તસ્વીર : તુષાર દરજી, શહેરા

ગોધરા, શહેરા તાલુકામાં નલ સે જલ યોજના થયેલ કૌભાંડમાં ધારાસભ્યના અંગત કાર્યકર્તાઓની તેમજ ધારાસભ્યની સંપતિની તપાસ કરવા બાબતે શહેરા તાલુકા પંચાયત સભ્ય દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરવામાં આવી.

શહેરા તાલુકામાં નલ સે જલ યોજનાના કૌભાંડ અંગે શહેરા કોંગ્રેસના વાડી તાલુકા પંચાયત સભ્ય જસવંતસિંહ બળવંતસિંહ સોલંકી દ્વારા ૧ વર્ષ અગાઉ જીલ્લા કલેકટર અને પાણી પુરવઠા વિભાગમાં ૨૧/૦૪/૨૦૨૨ના આવેદનપત્ર આપીને નલ સે જલના કૌભાંડ ચાલતું હોવાનું રજુઆત કરેલ અને તેના અહેવાલ પ્રસિદ્ધ થયા બાદ પણ કામગીરી ચાલુ હતી. ત્યારે ધારાસભ્ય જેઠાભાઈ ભરવાડ અને તેઓના સરપંચો, તાલુકા જીલ્લાના સભ્યો પોતાના વિસ્તારમાં થઈ રહેલ કામગીરી ધ્યાનમાં હતી. તેમ છતાં તેનો વિરોધ કરવામાં આવ્યો ન હતો. તેની પાછળનું મુખ્ય કારણ વિધાનસભાની ચુંટણી વખતે કોન્ટ્રાક્ટર પાસેથી બે કરોડ રૂપીયાની માંગણી કરેલ હતી. તે કોન્ટ્રાક્ટરે આપવાની ના પાડતા ધારાસભ્યએ સમય આપતાં તમને બીલની ચુકવણી થવા નહિ દેવાનું જણાવેલ હતું. એટલા માટે જયારે નલ સે જલ યોજનાની કામગીરી પૂર્ણ થઈ ગયેલ છે. બે ક્રોડ રૂપીયા લેવા માટેના અમારા વિરોધ તેમજ ગોધરા કલેકટરના વિરોધમાં પેપર અને સરકારી કચેરીઓમાં રજુઆત કરેલ છે. ધારાસભ્ય ધારાસભ્યના ડરના કારણે નામ ન આપવાની શરતે કોન્ટ્રાકટરે જણાવેલ છે કે નલ સે જલ યોજનાના કૌભાંડની તપાસ પૂર્ણ ન થાય ત્યાં સુધી બીલની ચુકવણી ન કરવા તેમજ ધારાસભ્ય અને તેમના કાર્યકર્તાઓ તપાસ કરવા જણાવ્યું છે. જેમાં પંચમહાલ ડેરીમાં બનતા દુધ પ્રોડકટસ દુધ, છાસ, દહીના સેમ્પલ લઈ તપાસ કરવામાં આવે. ડેરી માટે જમીન ખરીદી બાંધકામ વાછરડા ઉછેર કેન્દ્ર તેમજ નોકરી માટે કોની કોની નિમણુંક કરવામાં આવી. શહેરા તાલુકા પંચાયત એન.આર.જી. મનરેગા યોજનાઓમાં માટી-મેટલ, રસ્તા ચેકવોલ યોજનામાં ચાલતી ગેરરીતિ જીએસટીના નામે ચાલતી ટકાવારી, હલ્કી ગુણવત્તા મટીરીયલ્સ વાપરી લાખોના રૂપીયા અંગત વ્યકિત ઉપાડી કરતાં ભ્રષ્ટાચાર, બોરવેલ યોજનામાં નિયત કરતાં ઓછો બોરવેલ બનાવી અપાવામાં આવતાં ભ્રષ્ટાચારની તપાસ કરવામાં આવે તેવી માંગ સાથે શહેરા તાલુકા પંચાયત કોંગ્રેસ વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી દ્વારા જીલ્લા કલેકટરને લેખિત રજુઆત કરાઈ.

## કૂવો ગાળવા ઉતરેલા શ્રમિક ઉપર પત્થર પડતાં ઘટના સ્થળે મોત



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના વાવકુંડલી ગામે પોતાના ખેતરમાં કૂવો ગાળતા ૪૦ એક ફૂટ કૂવો ગાળ્યા બાદ ઉપરથી અચાનક પથ્થર પડતા કૂવો ગાળતા ગણપત રઈજીભાઈ બારીયા ને માથાના ભાગે પથ્થર વાગતા તેઓનું ઘટના સ્થળે કુવામાં જ મરણ થયું હતું. આ બનાવથી વાવ કુંડલી ગામમાં ચકચાર મચી જવા પામ્યો છે, પોતાની જાતે કૂવો ગાળતા હતા. રૂપિયા બચાવવાના આશયથી તેઓ એકલા જ કુવાની અંદર કામ કરતા હતા અને બહારથી તેમનો અન્ય સાથીદાર માટી બહાર ખેંચતો હતો. આજે સવારના ૧૦:૦૦ વાગ્યાના અરસામાં બનેલી આ ગોઝારી ઘટનામાં ઘટના સ્થાને મરણ પામનારના પરિવારજનોમાં રોકકળ મચી જવા પામી હતી.

## મોરવા(હ)ના મોજરી ગામે ગામના યુવાન સાથે ફુલહાર લગ્ન કરતાં યુવતિના કુટુંબીજનો દ્વારા ઘર ઉપર હુમલો કરી ખેંચી જઈ મારમારતાં ફરિયાદ

મોરવા(હ), મોરવા(હ) તાલુકાના મોજરી ગામની ફરિયાદીએ ગામના યુવાન સાથે ફુલહાર લગ્ન કરેલ હોય જેનાથી કુટુંબના સભ્યો નારાજ થઈ આરોપીઓએ કાવતરૂ રચી ફરિયાદીના ઘરે જઈ મહિલાના વાળ પકડી ખેંચી ટ્રેકટરમાં બેસાડી તેના પિતાના ઘરે લઈ જઈ ગોંધી રાખી મારી નાખવાની ધમકી આપતાં આરોપી વિરૂદ્ધ મોરવા(હ) પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના મોજરી ગામની વિમળાબેન સુરસીંગભાઈ બારીયાએ ગામમાં રહેતા પ્રદિપભાઈ સોનાભાઈ બારીયા સાથે ફુલહાર થી લગ્ન કરેલ હોય જેને લઈ વિમળાબેનના કુટુંબના સભ્ય નારાજ થયેલ હોય જેથી આરોપીઓએ એક સંપ થઈ કાવતરૂ રચી ટ્રેકટરમાં બેસીને વિમળાબેન અને પ્રદિપભાઈ બારીયાના ઘરે જઈને ઘરને ઘેરી લીધું હતું. આરોપીઓ ઘરમાં પ્રવેશ કરી વિમળાબેનના વાળ પકડી ઘસડી લઈ જઈ વિમળાબેનની આબરૂ કાઢવાના ઈરાદે બળજબરીથી ટ્રેકટરમાં બેસાડી બન્નેને મારી નાખવાની ધમકી આપી વિમળાબેનને તેના પિતાના ઘર નજીક લઈ જઈ ગોંધી રાખી આરોપી સંગીતાબેન કિરીટભાઈ બારીયા, રેખાબેન રમેશભાઈ બારીયા, રમતીબેન મહિલાભાઈ બારીયાએ જાનથી મારી નાખવાની ધમકી આપી ગડદાપાટુનો મારમારતાં આ બાબતે મોરવા(હ) પોલીસ મથકે વિમળાબેન બારીયાએ ૨૮ લોકો વિરૂદ્ધ ફરિયાદ નોધાવતા પોલીસે ગુનો નોંધી આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી છે.

## ૨૦૦૨ના સાબરમતી કેસમાં દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરને રાહત મળી નથી, અમિત શાહ અને અમિત ઠાકર પણ ભરાયા

અમદાવાદ, દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના સામે ફોજદારી કેસ ચાલશે. અમદાવાદની કોર્ટે દિલ્હીના એલજીની અરજી ફગાવી દીધી છે. જેમાં તેમણે ડેપ્યુટી ગવર્નર તરીકે તેમને મળેલી ઈમ્યુનિટીનો ઉલ્લેખ કરીને ફોજદારી ટ્રાયલમાંથી મુક્તિ માંગી હતી. અમદાવાદની કોર્ટમાં એડિશનલ મેટ્રોપોલિટન જજ પીએન ગોસ્વામીએ સક્સેના દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી ફગાવી દીધી હતી. સક્સેના પર ૨૦૦૨માં અમદાવાદના સાબરમતી આશ્રમમાં સામાજિક કાર્યકર્તા મેધા પાટકર પર હુમલો કરવાનો આરોપ છે. જ્યારે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નરે ક્રિમિનલ ટ્રાયલમાંથી મુક્તિની માગણી કરી ત્યારે સામાજિક કાર્યકર મેધા પાટકરે તેનો વિરોધ કર્યો હતો. એવું કહેવામાં આવ્યું હતું કે તેઓ રાજ્યપાલ નથી અને તેઓ મુક્તિના હકદાર નથી. પાટકર વતી દાખલ કરવામાં આવેલી અરજીમાં કહેવામાં આવ્યું હતું કે દિલ્હીના એલજી માત્ર રાષ્ટ્રપતિના એજન્ટ છે. આવી સ્થિતિમાં તેમને બંધારણના અનુચ્છેદ ૩૬૧ જેવી ઈમ્યુનિટી ન આપવી જોઈએ. એડિશનલ મેટ્રોપોલિટન જજ પી એન ગોસ્વામીએ સુનાવણી બાદ સક્સેનાની અરજી ફગાવી દીધી હતી. કોર્ટની અરજી ફગાવવા પર હવે તેમની સામે ફોજદારી કેસ દાખલ કરવામાં આવશે. સક્સેના ઉપરાંત, હાલમાં અમદાવાદ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય અમિત શાહ અને અમિત ઠાકર, એડવોકેટ રાહુલ પટેલ પણ આ કેસમાં આરોપી છે. ૨૧ વર્ષ બાદ અમદાવાદની મેટ્રોપોલિટન કોર્ટમાં આ કેસની સુનાવણી શરૂ થઈ છે. જ્યાં ટ્રાયલમાં આરોપો ઘડવાના છે. જેમાંથી ભાજપના બંને ધારાસભ્યો પ્રથમ વખત ચૂંટાયા છે.

## ઘોઘંબાના ભાણપુર ગ્રામ પંચાયતમાં વહીવટ સરપંચ પતિ ચલાવતા હોવાનો સભ્યોનો આક્ષેપ સાથે અવિશ્વાસ દરખાસ્ત લવાઈ

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના ભાણપુર ગામે સરપંચ પરમાર મીનાબેન વિજયસિંહ ગ્રામ પંચાયત વહીવટ કરે છે. ગ્રામ પંચાયતના ૫ સભ્યોએ સરપંચ વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્તી રજુઆત કરીને આક્ષેપ કર્યા કે સરપંચ દ્વારા અમારી સતત અવગણના કરી ગ્રામ પંચાયતનો વહીવટી સરપંચ પતિ વિજયસિંહ કરી રહ્યાનો આક્ષેપ કરીને ગ્રામ પંચાયતની સામાન્ય સભામાં સરપંચ પતિ માજી પંચાયતના માર્ગ મકાન મંત્રી અને હાલના ધારાસભ્ય જેમનો હુ જમણો હાથ છુ મારો કોઈ વાર વાંકો નહિ કરી શકે તેવી ધમકી આપતો હોવાનો આક્ષેપ કર્યો હતો. જેથી ગ્રામ પંચાયતના સાતસ સભ્યો પૈકી ૫ સભ્યો તથા ગ્રામજનો દ્વારા સરપંચ મીનાબેન પરમાર સામે અવિશ્વાસની દરખાસ્તની રજુઆત કરી હતી.

## ગોધરાના ઓરવાડા ગામે ઝેરી જનાવર કરડી જતાં મહિલાનું મોત

ગોધરા, ગોધરા તાલુકાના ઓરવાડા કેસલ રોડ ફળીયામાં રહેતા ૩૭ વર્ષીય મહિલાનું ઝેરી જનાવર કરડી જવાથી મોત નિપજાવા પામ્યું. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના ઓરવાડાના કેસલ રોડ ફળીયામાં રહેતા રેખાબેન ચિરાગભાઈ પટેલ ઉ.વ.૩૭ના ઝેરી જનાવર કરડવાથી મરણ ગયેલ હોય આ બાબતે ગોધરા તાલુકા પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે.